Kalpesh Chotalia Educational Material

सर्वत्रज्ञानम्

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# બાળગીત

# અભિનયગીત

## ભાગ : ૨


# :: અભિનય ગીત ::

## આપો આપો






આપો આપો બે સુંદર પાંખ મને,
મારે પંખી ભમે તેમ ભમવું છે,
ને વાડી બગીચે રમવું છે.
આપો આપો બે...



મારે ઊંચેરા આભમાં ઊડવું છે,
પેલા તારલાની સંગે રમવું છે,
આપો આપો બે...



પેલાં ઝાડોની કુંજમાં છુપાવું છે,
મારે પંખીનું ગીતડું ગાવું છે,
આપો આપો બે...


હાથ ચાંદ-સૂરજને ધરવા છે,
મારે દીવા ગગનમાં ગણવા છે,
આપો આપો બે...


શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: અભિનય ગીત ::

# અભી ખબર દિલ્હી





અભી ખબર દિલ્હી સે આઈ

મખ્ખી રાની ઉસકો લાઈ

કિડીને હાથી કો મારા

હાથી કયા કરતા બેચારા

ઘુસ બેઠા મટકે કે અંદર

મટકે મેં થા દો બંદર

ઉન્હે દેખકર હાથી રોયા

રોતે-રોતે હી વહ સોયા

રુકી ન પર આસુંકી ધારા

મટકા બન ગયા સમુંદર ખારા




લગે ડૂબને હાથી ને બંદર

ફસ ગયે થે ઉસકે અંદર

ઉનકો સુનકર આયા મચ્છર

લાત જમાઈ ઉસને કસકર



મટકા ફૂટા, બહાર સમંદર

નિકલ પડે સબ હાથી-બંદર

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: અભિનય ગીત ::

# એકડો સાવ સડેલો



એકડો સાવ સડેલો ને બગડો ડિલે તગડો,




બંને બથ્થં-બથ્થા બાઝી કરતાં મોટો ઝઘડો,


એકડો...




તગડો તાળી પાડે ને નાચે તાતા થૈ,

ચોગડોની ઢીલી ચડી સરરર ઉતરી ગઈ,







એકડો...





પાંચડો પેંડા ખાતો એની છગડો તાણે ચોંટી,

સાતડો છાનોમાનો સહુની લઈ ગયો લંગોટી,


એકડો... 







આઠડાને પાટી આપી નવડો કહેતો લખ ,



એકડે મીંડે દસ કહેતાં વાગ્યો નિશાળનો ઘંટ,

એકડો...

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: અભિનય ગીત ::

# ચાલો આપણે ફરવા



ચાલો આપણે ફરવા જઈએ

સ્વિમીંગ પુલમાં તરવા જઈએ

પાણીમાં તો છબછબિયાં

જળનાં ઝીણા ગલગલિયાં






ભમરડા જેમ ભમવા જઈએ

ચાલો અહીંથી ફરવા જઈએ

તુલસી બાગમાં ચાલો જઈએ

વાઘને ભાજીપાલો દઈએ

વાંદરા થઈને કૂદવા જઈએ




એક દિવસ કારમાં,

ને એક દિવસ ટ્રેનમાં

એક દિવસ હોડીમાં

ને એક દિવસ પ્લેનમાં



પાંખોને ફડફડવા દઈએ

ચાલો અહીંથી ફરવા જઈએ

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : શ્રારડા, જિલ્લો : ભાવનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: ઋતુગીત ::

# કારતક, માગશર...

કારતક, માગશર, પોષ મહા... ઠંડો શો શિયાળો અહા,

ફાગણ, ચૈતર, વૈશાખ, જેઠ... ઊના એ ઉનાળો લેખ,

અષાઢ, શ્રાવણ, ભાદર,આસ... ચોમાસું આવ્યું આ હાથ.



શિયાળે શીતળ વા વાય,
પાનખરે ઘઉં પેદા થાય,
પાકે ગોળ કપાસ કઠોળ,
તેલ ઘરે ચાવે તંબોળ.




ઘરે શરીરે ડગલી શાલ,
ફાટે બાળક તણા પગ ગાલ,
ઘટે દિવસ ઘણી મોટી રાત,
તનમાં જોર મળે ભલી ભાત.

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: અભિનય ગીત ::

## મૂર્ગા બોલ્યા



મૂર્ગા બોલ્યા મૂર્ગા બોલ્યા

કુકડે કૂક... ... કૂકડે કૂક... ...

લેકિન ઈતની જલ્દી કયો ?

રાત દેર સેં સોયી થી

મેં સપનો મેં ખોઈ થી

ધૂપ ઠીક સે ચઢી નહીં

ક્યોં હૈ જલ્દી ઈસે પડી ?

ફકકડ ફકકડ કર બોલાવું

ઐસી કયા નારાજી હૈ

હવા સુબહકી તાજી હૈ

સુસ્તી છોડો કહે ચલો

ચલો ટહેલને કહી ચલો






WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: અભિનય ગીત ::

# બડી લંબી રે




બડી લંબી રે મારા દાદાની મૂછ,
ભૂરી ભૂરી રે મારા દાદાની મૂછ,
દાદાની મૂછ, જાણે બિલ્લીની પૂંછ,
દાદાજી પોઢયા'તા મખમલના ગાદલે,
શાહીથી રંગી મેં તો દાદાની મૂછ,
બડી લંબી રે...



કાતર લઈને હું તો કાગળિયાં કાપતો,
કચ કચ કાપી મેં તો દાદાની મૂછ,
બડી લંબી રે...

અંધારે એકલો હું ચોકલેટ શોધતો,
ધારેથી તાણી મેં તો દાદાની મૂછ,
બડી લંબી રે...




મુંજાભાઈને પારણે તૂટેલી દોર છે,
દોરડાથી ગૂંથી મેં તો દાદાની મૂછ,
બડી લંબી રે...

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: અભિનય ગીત ::


## અગર મગર



અગર મગર બે ભાઈ હતાં, ભાઈ હતાં

બંને જણ ખૂબ લડતા હતાં, લડતાં હતાં

અગર મગર થી નાનો હતો, નાનો હતો



મગર અગરથી જાડો હતો, જાડો હતો

અગર મગરને કહ્યા કરતો, કહ્યાં કરતો

મગર અગરને ચૂપ કરતો, ચૂપ કરતો

વાત વાતમાં લડી પડયાં, લડી પડયાં

મગર અગર પર ગુસ્સે થયો, ગુસ્સે થયો

બાથંબાથી લડી પડયાં, બરાબરના જામી પડયાં

ખુરશી-ટેબલ પડી ગયાં, કપ-રકાબી તૂટી ગયાં

માઁ સાંભળીને ગભરાઈ ગઈ, ગભરાઈ ગઈ

વેલણ લઈને પાછળ દોડી, પાછળ દોડી



શ્રી ગોવાણા પ્રાથમિક શાળા, તાલુકો : ભાણવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN


# :: અભિનય ગીત ::

# મારી પાસે શીંગ




મારી પાસે શીંગ ચણાં,
જોડકણાં ભાઈ જોડકણાં.

મારી પાસે કાજુ ઘણાં,
જોડકણાં ભાઈ જોડકણાં.



અમે દોસ્તો ચાર જણાં,
જોડકણાં ભાઈ જોડકણાં.

નાગની કોઈ જોઈએ ફેણ,
જોડકણાં ભાઈ જોડકણાં.



દાદીને દાદા તણાં,
જોડકણાં ભાઈ જોડકણાં.

તંતુએ તંતુએ વણ્યાં તાંતણા,
જોડકણાં ભાઈ જોડકણાં.

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર


WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: બાળગીત ::

# પપ્પા ઘરનો




પપ્પા ઘરનો દરવાજો છે,
મમ્મી ઘરની બારી,
બારીમાંથી જોઉં છું તમને,
હું તો ધારી-ધારી...



બારીમાંથી ઝાડ જોઉં છું,
પપ્પા જેવા પહાડ જોઉં છું,
સૂરજનો ઉઘાડ જોઉં છું,
તડકાની છલકે ઝારી,
પપ્પા ઘરનો દરવાજો છે,
મમ્મી ઘરની બારી...



બારીમાંથી પંખી જોઉં
બારીમાંથી વિમાન
કાંઈ કશું નહીં જોઉં તો મને
પડતું નથી ચેન
જોવાની તો મારી હોય છે
કાયમની તૈયારી
પપ્પા ઘરનો દરવાજો છે
મમ્મી ઘરની બારી...



શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: અભિનય ગીત ::

# રોજ સવારે

રોજ સવારે સૌએ નહાવું

શૌચ દાતણ કરીને નહાવું

સારું પાણી લઈને નહાવું

ઠંડું પાણી લઈને નહાવું

નાહીને શરીર લૂછો,

ટુવાલથી શરીર લૂછો

ધોએલા ટુવાલથી લૂછો

ધોએલા કપડાથી લૂછો





શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કાટડા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: અભિનય ગીત ::

## અલ્લક મલ્લમ






અલ્લક મલ્લક અલ્લક મલ્લક
અલ્લક મલ્લક અલ્લક મલ્લક
છાલ્લક વાગે છલ્લક છલ્લક
છલ્લક છલ્લક છલ્લક છલ્લક
છાલક કેવી ?
ભીની ભીની ઠંડી ઠંડી તાજી તાજી કરતી રાજી
નાની નાની મારી બેની નાના મારા ભઈલાની
મીઠી મીઠી કાલી ઘેલી વાતો જેવી
પ્યારી પ્યારી મમ્મી મારીને મારા પ્યારા પપ્પાની
સારી સારી ન્યારી ન્યારી વાતો જેવી
વ્હાલા મારા દાદાજીને વ્હાલા મારા દાદીમાની
ડાહી ડાહી શાણી શાણી વાતો જેવી





મમ્મીનું ના ચાલે જોર
પપ્પા પણ થાય સીધા દોર
પહેરે સાડી સાદી પપ્પાની મમ્મી તે દાદી
વ્હાલ કરે ને સાથે વઢે ઘરમાં એથી સૌ કોઈ ડરે
કદી પડે ના માંદા પપ્પાના પપ્પા ને દાદા



ઉંમરમાં છે બહુ મોટા
ભર્યા જાણે ઘીના લોટા
રડતાં રાખે છાનાં મમ્મીના પપ્પા તે નાના
નિશાળમાં જ્યાં રજા પડે
મોસાળેબહુ મજા પડે
જે કંઈ કહું તે લે માની
મમ્મીની મમ્મી તે નાની



શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: અભિનય ગીત ::

## ખાંસી આવે



ખાંસી આવે ફક આવે
છીંક આવે લીંટ આવે
ગળું નાક સાફ કરો
કોઈ ખૂણામાં સાફ કરો

થૂંક લીંટ ગંદકી છે,
માંદગી લાવે તેવી છે.
રોગ ફેલાવે તેવી છે,
તેથી કાળજી લેવી છે.

થૂંક લીંટ નાખશો ક્યાં,
ઘણા નાખે જયાં ત્યાં.




ઘરની દિવાલે નાખશો નહિ,
હોય રેલ-ડબો કે મોટર બસ
તેની અંદર નાખશો નહિ,
એક બાજુ ગટરમાં થૂંકો
થૂંકદાની હોય તેમાં થૂંકો
જો કોઈ કરે ઉલટી,
તો નાખજો તે પર ધૂળ-માટી.

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: અભિનય ગીત ::

## મન કરતા હૈ



મન કરતા હૈ સૂરજ બનકર
આસમાન મેં દૌડ લગાઉં





મન કરતા હૈ ચંદા બનકર
સબ તારોં પર અકડ દિખાઉં

મન કરતા હૈ બાબા બનકર
ઘર મેં સબ પર ધૌંસ જમાઉં



મન કરતા હૈ પાપા બનકર
મૈં ભી અપની મૂછ બઢાઉં




મન કરતા હૈ તિતલી બનકર
દૂર - દૂર ઉડતા જાઉં



મન કરતા હૈ કોયલ બનકર
મીઠે - મીઠે બોલ સુનાઉં



મન કરતા હૈ ચિડિયાં બનકર
ચીં - ચીં ચૂં - ચૂં શોર મચાઉં



મન કરતા હૈ ચર્ખી લેકર
પીલી - લાલ પતંગ ઉડાઉં

શ્રી ગેવાણા પ્રાથમિક શાળા, તાલુકો : ક્રાટકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: અભિનય ગીત ::

## સર્દી આઈ



સર્દી આઈ, સર્દી આઈ
ઠંડ કી પહને વર્દી આઈ
સબને લાદે ઢેર સે કપડેં
ચાહે દૂબલે, ચાહે તગડે
નાક સભી કી લાલ હો ગઈ
સુકડી સબકી, ચાલ હો ગઈ
ઠિઠુર રહે હૈં, કાંપ રહે હૈં
દૌડ રહે હૈં, હાંપ રહે હૈં
ધૂપ મેં દૌડે તો ભી સર્દી
છાંવ મેં બૈઠે તો ભી સર્દી
બિસ્તર કે અંદર ભી સર્દી
બિસ્તર કે બાહર ભી સર્દી
બાહર સર્દી, ઘરમેં સર્દી
પૈર મેં સર્દી, સર મેં સર્દી
ઈતની સર્દી કિસને કર દી
અંડે કી જમ જાએ જર્દી
સારે બદન મેં ઠિઠુરન ભર દી
જાડા હૈ મૌસમ બેદર્દી






શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: બાળગીત ::

# નાનું નાનું સસલું



નાનું નાનું સસલું,

ધોળું ધોળું સસલું,

પોચું પોચું સસલું,

આમ દોડે તેમ દોડે.



અમને જોઈને નાસી જાય,

ગાજર ખાય, પાણી પીએ,

આમ દોડે તેમ દોડે.

ડુંગર ઉપર દોડી જાય,

ઉંચા એના કાન છે,

લાલ એની આંખ છે,

આમ દોડે તેમ દોડે,

અમને જોઈને નાસી જાય.

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: અભિનય ગીત ::

## રોજ સવારે

રોજ સવારે દાતણ કરો,

વહેલા ઉઠી દાતણ કરો,

શૌચ જઈને દાતણ કરો,

સારી રીતે દાતણ કરો.

ઊઠી સવારે શૌચ જાઓ,

દૂર મેદાનમાં શૌચ જાઓ,

જાજરૂમાં શૌચ જાઓ,

રોજ સવારે શૌચ જાઓ.

શૌચ જઈને હાથ ધુઓ,

માટી લઈને હાથ ધુઓ,

સાબુ લઈને હાથ ધુઓ,

સારી રીતે હાથ ધુઓ.



WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: અભિનય ગીત ::

## એક કહેતાં



એક કહેતાં ઊભા થઈએ



બે કહેતાં ઊંચા હાથ



ત્રણ કહેતાં તાળી પાડીએ

ચાર કહેતાં ચપટી વગાડીએ





પાંચ કહેતાં પેંડો ખાઈએ

છ કહેતાં કેડે હાથ દઈએ





સાત કહેતાં વાંકા વળીએ

આઠે પાછા સીધા થઈએ

નવ કહેતાં નમન કરીએ

દસે પાછા બેસી જઈએ



શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: અભિનય ગીત ::

# નાની મારી આંખ

નાની મારી આંખ એ જોતી કાંક-કાંક,
એ તો કેવી અજબ જેવી વાત છે !



નાક મારું નાનું, એ સૂંઘે ફૂલ મજાનું,
એ તો કેવી અજબ જેવી વાત છે !

નાના મારા કાન, એ સાંભળે દઈને ધ્યાન,
એ તો કેવી અજબ જેવી વાત છે !

નાનું મારું મોઢું, એ બોલે સારું સારું,
એ તો કેવી અજબ જેવી વાત છે !

પગ મારા નાના, એ ચાલે છાનામાના,
એ તો કેવી અજબ જેવી વાત છે !

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

# :: બાળગીત ::

# સવાર સાંજ ભોજન

સવાર સાંજ ભોજન કરો,

સમયસર ભોજન કરો;

સારું તાજું ભોજન કરો,

ભૂખ હોય તેટલું ભોજન કરો.

ઝટપટ પચે તેવું ખાઓ,

રોગ ન આવે તેવું ખાઓ;

સારું તાજું જે કંઈ ખાઓ,

બળ આપે તેવું ખાઓ.

બજારુ ચીજ ખાશો નહિ,

ગંદી ચીજ ખાશો નહિ;

ઉઘાડી ચીજ ખાશો નહિ,

જેવું તેવું ખાશો નહિ.

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

બજારુ મીઠાઈ ખાશો કે ?

નહિ જી, નહિ જી;

બજારુ ચા પીશો કે ?

નહિ જી, નહિ જી;

ઝટપટ ચટપટ ખાવું નહિ,

મોટા કોળિયે ખાવું નહિ;

ઊભા ઊભા ખાવું નહિ,

હરતાં ફરતાં ખાવું નહિ.

ધીમેથી ચાવી ખાશો જે,

વહેલું સહેલું પચશે તે;

દૂધ પાણી પીઓ જે,

ઘૂંટડા પીજો ધીરે ધીરે.


શ્રી ગેવાણા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: બાળગીત ::

# કેલે કી લાગી સગાઇ






કેલે કી લાગી સગાઇ,
શકરકન્દ નાચને કો આઇ.



મૂલી બેચારી કે ખંભે ગડે હૈ,
ગોભીને નંબુઆ તનાઇ,
શકરકન્દ નાચને કો આઇ.





મરચી બિચારી કી આંખે જલી હૈ,
રીંગણ વૈદ બનીને આઇ,
શકરકન્દ નાચને કો આઇ.

બટાટા-કોળું મેં હુઇ લડાઇ,
ગાજરને ફૈંસલા કરાઇ,
શકરકન્દ નાચને કો આઇ.

કેલે કી લગી સગાઇ,
શકરકન્દ નાચને કો આઇ.

*ચી. કેલેકાકા કી આજ સગાઇ હૈ*
*આપ સબ કો જરૂર આના હી હોગા...*

સ્નેહાધીન

| | |
|---|---|
| કેલા કા દાદા | કેલે કી દાદી |
| કેલા કા પાપા | કેલે કી મમ્મી |
| કેલા કા કાકા | કેલે કી કાકી |

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

# :: બાળગીત ::




## લીલા રંગનો પોપટ



લીલા રંગનો પોપટ મારો, મીઠું મીઠું બોલે,

ગળે બાંધ્યો કાળો કાંઠલો,

હીંચકે બેસી ઝૂલે, ડાળે બેસી ઝૂલે.



મરચાં ખાય, જામફળ ખાય,

લાલ એની વાંકી ચાંચ,

પોપટ હીંચકે બેસી ઝૂલે, ડાળે બેસી ઝૂલે.



WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN


# :: બાળગીત ::

## હું ને ચંદુ છાનામાના




હું ને ચંદુ છાનામાના,
કાતરિયામાં પેઠા,
લેસન પડતું મૂકી,
ફિલમ ફિલમ રમવા બેઠા.





માડી પાસે દોરી માંગી,
બાપાની લઈ લૂંગી,
પડદો બાંધી અમે બનાવી,
ફિલમ મૂંગી મૂંગી.

દાદાજીનાં ચશ્મા માંથી,
કાઢી લીધા કાચ,
એનાથી ચાંદરડા પાડ્યા,
પડદા ઉપર પાંચ.





ચંદુ ફિલમ પાડે ત્યારે,
જોવા આવું હું,
હું ફિલમ પાડું તો,
જોવા આવે ચંદુ...

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર



કાતરિયામાં છુપાઈને

બેઠીતી બિલ્લી એક,

ઉંદરડીને ભાળી એણે,

તરત લગાવી ઠેક.

ઉંદરડી છટકીને બિલ્લી ચંદુ ઉપર આવી,



બીક લાગતાં ચંદુ સાથે,

ચીસો મેં ગુંજાવી,

દોડાદોડ ઉપર,

આવી પહોંચ્યા મમ્મી–પપ્પા,

ચંદુડિયાનો કાન આમળ્યો,


મને લગાવ્યા ધબ્બા....



શ્રી ગોવાણા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર


WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: અભિનય ગીત ::



## શકરી માસીની રીક્ષા

શકરી માસીની રીક્ષા ચાલે પમ પમ પમ,
રિક્ષામાં બેસીશું, બગીચે જઈશું,
શકરી માસીની રીક્ષા ચાલે પમ પમ પમ.





બગીચામાં જઈશું ને હીંચકા ખાઈશું,
લપસણીએ લપસસું, ગોળ ગોળ ફરીશું,
સાથે મળીને રેતીમાં રમીશું,
શકરી માસીની રીક્ષા ચાલે પમ પમ પમ.

ચિત્રકામ કરીશું, માટીકામ કરીશું,
રંગ-બેરંગી મણકાની, માળા બનાવીશું,
વાર્તા સાંભળીશું ને ગીતો ગાઈશું,
શકરી માસીની રીક્ષા ચાલે પમ પમ પમ.





રિક્ષામાં બેસીશું, નિશાળે જઈશું,
નિશાળે જઈશું, એકડા, બગડા ભણીશું,
છોકરાં-છોકરીઓ જોડે ગીતો ગાઈશું,
શકરી માસીની રીક્ષા ચાલે પમ પમ પમ.


શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : [illegible], જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: ઋતુગીત ::



## કારતકમાં ટાઢ











કારતકમાં ટાઢ આવી
માગશરમાં જામી
પોષ મહિને પતંગ લઈને
ટાઢને ઉડાડી
મહા મહિનામાં ઠંડી ચાલી
ગરમીને બોલાવી આવી
સાથે હોળી લાવી
ચૈત્ર મહિને ગરમી ફાલી
બરફ-ગોળાને લાવી
વૈશાખ મહિને આવે વેકેશન
જેઠ મહિને શાળા
દફતર આળસ મરડી ઉઠે
ચોપડા નોટો નાચે
અષાઢ મહિને આવે વરસાદ
શ્રાવણે સરવરિયાં
નદી નાળા તળાવ છલકે
શાકભાજી મળે તાજા
ભાદરવે ભીંડા
મકાઈના ડૂંડા
આસોએ ચમકે તારા
દિવાળીના દીવા

શ્રી ગેલાણા પ્રાથમિક શાળા, તાલુકો : ગઢડા, જિલ્લો : ભાવનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: અભિનય ગીત ::

## બા મને



બા મને, ચપટી વગાડતાં આવડી ગઈ,

મારી ચપટી વાગે છે પટ્ટ પટ્ટ પટ્ટ.

જાણે ફૂટે બંદુકડી ફટ્ટ ફટ્ટ ફટ્ટ,

પેલી બિલ્લી ભાગે છે જટ્ટ જટ્ટ જટ્ટ.

બા મને બિલ્લી ભગાડતાં આવડી ગઈ,



બાપુ કપડાં ધુએ ધબ્બ ધબ્બ ધબ્બ.

હું પાણીમાં નહીં કરું છબ્બ છબ્બ છબ્બ,

મારી ચપટી ભીંજાઈ જાય ડબ્બ ડબ્બ ડબ્બ.



બા મને મુન્ની રમાડતાં આવડી ગઈ,

બા મને ચપટી વગાડતાં આવડી ગઈ.

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: અભિનય ગીત ::


## આહા ટમાટર બડા મજેદાર






આહા ટમાટર બડા મજેદાર.
આહા ટમાટર બડા મજેદાર,
એક બાર ચૂહેને ખાયા,
બિલ્લેકો માર ગિરાયા,
બિલ્લે કો ભી માર ગિરાયા,
આહા ટમાટર બડ મજેદાર.





આહા ટમાટર બડા મજેદાર,
એક બાર બિલ્લીને ખાયા,
કુતેકો માર ગિરાયા,
કુતેકો ભી માર ગિરાયા,
આહા ટમાટર બડા મજેદાર.




આહા ટમાટર બડા મજેદાર,
એક બાર કુત્તેને ખાયા,
શેર કો માર ગિરાયા,
શેર કો ભી માર ગિરાયા,
આહા ટમાટર બડા મજેદાર,
આહા ટમાટર બડા મજેદાર.

શ્રી ગેવાણા પ્રાથમિક શાળા, તાલુકો : ક્રાટકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: અભિનય ગીત ::


## રામનારાયણ બાજા બજાતા



રામનારાયણ બાજા બજાતા,

સિરી...રી...રી...સીટી બજાતા (૨)

રામનારાયણ બાજા બજાતા.




ઢમ ઢમ ઢમ ઢમ ઢોલક બજાતા,

રામનારાયણ બાજા બજાતા.

ટન ટન ટન ટન ઘંટી બજાતા,

રામનારાયણ બાજા બજાતા.






પોં પોં પોં પોં ભોંપુ બજાતા,

રામનારાયણ બાજા બજાતા.

છમ છમ છમ છમ ઘૂંઘરી બજાતા,

રામનારાયણ બાજા બજાતા.



શ્રી ગોવાણા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: બાળગીત ::

# ચલ મારા ઘોડા



ચલ મારા ઘોડા ચલ ચલ ચલ,
રસ્તો તારો નથી સુંવાળો,
ખરબચડો ને કાંટાવાળો,
દૂર વિસામો દૂર છે પણ ... ચલ ...

રોકાવું ના તારું કામ,
લેતો નહીં તું થાકનું નામ,
આજ નહીં તો પહોંચીશ કાલ... ચલ...

જો સામેથી આવે કો'ક,
નમે ન જોજે તારી ડોક,
જીવન તારું સતત સફળ... ચલ...

શું ખાવું છે ? શું પીવું છે ?
હા, હા, હા... ચણા ચણા,
ઝરણાનું પાણી પીવું છે જળ... ચલ...




શ્રી ગોવાણા પ્રાથમિક શાળા, તાલુકો : ધ્રોલ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: અભિનય ગીત ::

# ધમ્મક ધમ્મક આતા હાથી



ધમ્મક ધમ્મક આતા હાથી... (૨)

ધમ્મક ધમ્મક જાતા હાથી... (૨)

કિતના પાની પીતા હાથી... (૨)

ઈતના ઈતના ઈતના પાની પીતા હાથી...


યે તો નહીં બતાના હાથી...

ધમ્મક ધમ્મક આતા હાથી...

કિતને કેલે ખાતા હાથી...

ઈતને ઈતને ઈતને કેલે ખાતા હાથી...

ધમ્મક ધમ્મક આતા હાથી...



શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: અભિનય ગીત ::

## રોજ નિશાળે જઈએ



રોજ નિશાળે જઈએ, અમે રોજ નિશાળે જઈએ,

ગાતા રમતાં અક્ષર સાથે (૨) ઓળખાણ કરી લઈએ,

અમે રોજ નિશાળે જઈએ...



સાંભળી, બોલી, લખી, વાંચીને (૨) ભઈલા ભાષા ભણીએ,

સંખ્યાઓને સમજી સમજી (૨) ઝટપટ ગણિત ગણીએ,

અમે રોજ નિશાળે જઈએ...



ભણતરનો ના ભાર જરાયે (૨) ભણતર બિલકુલ સહેલું,

પવન, ઝાડ, પુષ્પોની સંગે (૨) રમતાં ઘેલાં થઈએ,

અમે રોજ નિશાળે જઈએ...

શ્રી ગેવાડા પ્રાથમિક શાળા, તાલુકો : કાટકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: અભિનય ગીત ::

## જામ્યો કારીગરોનો મેળો


જામ્યો કારીગરોનો મેળો (૨)



ચાકડો ને ટોપલો લઈને આવ્યા કુંભારભાઈ,
માટીમાંથી માટલીનો ઘાટ બનાવે કેવો ? ... જામ્યો...



લેલું ને ઓળંબો લઈને આવ્યા કડિયાભાઈ,
ઈંટ-માટીથી ચણીચણીને મહેલ બનાવે કેવો ? ... જામ્યો...



કરવત, વાંસલો, વીંધણું લઈ આવ્યા સુથારભાઈ,
લાકડાકામ કરીને એ તો રંગ ચડાવે કેવો ? ... જામ્યો...



એરણ ને ધમણ લઈને આવ્યા લુહારભાઈ,
લોઢું ટીપી જોતજોતામાં પલંગ બનાવે કેવો ? ... જામ્યો...

સોય, કાતરને સંચો લઈને આવ્યા દરજીભાઈ,
કાપડ કાપી જોતજોતામાં કોટ બનાવે કેવો ? ... જામ્યો...



રાંપી ને પોલિશ લઈને આવ્યા મોચીભાઈ,
ચામડું કાપી જોતજોતામાં બૂટ બનાવે કેવો ? ... જામ્યો...

સાબુ, પાઉડર, ઈસ્ત્રી લઈને આવ્યા ધોબીભાઈ,
ચોખ્ખા કરી કપડાં, ઈસ્ત્રી કરીને વટ્ટ પાડી દે કેવો ? ... જામ્યો...

અસ્ત્રો, કાતર, દર્પણ, કાંસકો લાવ્યા વાળંદભાઈ,
ફૂવારો છાંટી બાલ કાપીને વટ્ટ પાડી દે કેવો ? ... જામ્યો...

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

શ્રી ભેવાણા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

# :: અભિનય ગીત ::

# વહેલી સવારે ઉઠીને

વહેલી સવારે ઉઠીને, બાવળનું દાતણ લઈને,
બાવળનું દાતણ લઈને, દાતણ કરું... આમ... આમ...

દાંત સાફ કરીને, ડોલ, સાબુ, ડબલુ લઈને,
ડોલ, સાબુ, ડબલુ લઈને નાહવું હું તો... આમ... આમ...

ટુવાલથી શરીર લૂછીને, નાનો નાનો દાંતિયો લઈને,
નાનો નાનો દાંતિયો લઈને, વાળ ઓળું... આમ... આમ...

ફટાફટ તૈયાર થઈને, ભગવાનને નમન કરીને,
ભગવાનને નમન કરીને, બધાંને નમું... આમ... આમ...

નાસ્તો દૂધ જમીને, મારું દફ્તર લઈને,
મારું દફ્તર લઈને, લેસન કરું... આમ... આમ...

શાળાનો ગણવેશ પહેરીને, વોટરબેગ લઈને,
વોટરબેગ લઈને, શાળાએ જાવું... આમ... આમ...


શાળામાં દરરોજ જઈને, વર્ગમાં શાંતિથી બેસીને,
વર્ગમાં શાંતિથી બેસીને, ભણું હું તો... આમ... આમ...

શ્રી ભેવાણા પ્રાથમિક શાળા, તાલુકો : કાટકા, જિલ્લો : ભાવનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: અભિનય ગીત ::

# હાં રે અમે ખેડૂતભાઈ



હાં રે અમે ખેડૂતભાઈ રે ગુજરાતના,

હાં રે અમે ખેતીનું કામકાજ કરીએ રે...

હાં રે અમે અનાજ ને કઠોળ વાવીએ,

હાં રે અમે ફળોની વાડીઓ કરીએ રે...



હાં રે અમે ઠંડી–ગરમીને વેઠીએ,

હાં રે અમે મહેનત–મજુરી કરીએ રે...

હાં રે અમે નવતર પ્રયોગો કરીએ,

હાં રે અમે મબલક પાક ઉતારીએ રે...

હાં રે અમે જગતના તાત ગણાઈએ,

હાં રે અમે સૌને અનાજ પૂરું પાડીએ રે...

હાં રે અમે ખેડૂતભાઈ રે ગુજરાતના,


હાં રે અમે ખેતીનું કામકાજ કરીએ રે...

શ્રી ગેબાપરા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: અભિનય ગીત ::

## એક પગે ઉભા રહીને



એક પગે ઉભા રહીને, મૂળથી પીવે પાણી,
ઝાડભાઈ ઘણું જીવો.

મૂળ જમીનમાં ઉંડે જઈને,
ખોરાક લાવે પાણી... ઝાડભાઈ ઘણું જીવો



પાંદડાં તો ખોરાક બનાવે,
કરતાં રોજ ઉજાણી... ઝાડભાઈ ઘણું જીવો

પાંદડે પાંદડે નાક વડે લે,
શ્વાસ હવાને છાણી... ઝાડભાઈ ઘણું જીવો



ડાળે ડાળાં હાથ ઘણાએ,
રચના કેવી રચાણી... ઝાડભાઈ ઘણું જીવો

ફૂલે ફૂલે ફોરમ ભરતી,
ફળથી ડાળ લચાણી... ઝાડભાઈ ઘણું જીવો

મૂળ, થડ ને ફળફૂલ પાને,
જીવનશક્તિ સમાણી... ઝાડભાઈ ઘણું જીવો

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: બાળગીત ::

# દુનિયા આખીમાં



દુનિયા આખીમાં મારે છે ઘણું ઘણું જોવાનું,

અહીંયા બેસી રે'તાં મારે શું-શું નહિં ખોવાનું.




ધરતીનો છેડો છે ક્યાં ને સૂરજ આવે ક્યાંથી ?

કોયલ કાળી પોપટ લીલો બગલો ધોળો શાથી ?

શિયાળે ઠંડી છે શાને ? ગરમી કેમ ઉનાળે ?

ચોમાસામાં ગાજવીજ શેનો ? તણખો શાથી બાળે ?






આવું આવું ઘણુંક મારે જાણવાનું હજી બાકી,

લીલી કેરી પીળી પડતાં કેમ મનાતી પાકી ?

ચાર પગે કેમ પશુઓ ચાલે ? પંખીને કેમ પાંખો ?

આવી દુનિયા જોવા મુજને દીધી કોણે બે આંખો ?



શ્રી ગેવાણા પ્રાથમિક શાળા, તાલુકો : કારડા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: અભિનય ગીત ::

# સસલીબેને સેવ બનાવી




સસલીબેને સેવ બનાવી, સસલો જમવા બેઠો,
જમતાં-જમતાં યાદ આવ્યું કે સોમવાર છે.

માખીબેન મધ પીરસ્યું ને મંકોડાભાઈ જમતાં,
જમતાં જમતાં મલક્યા આજે મંગળવાર છે.



બિલ્લો-બિલ્લી બાઝ્યાં ત્યારે બંદર બન્યો કાજી,
બટકે-બટકે બધુ જમી કહે બુધવાર છે.



ગધ્ધાજીને ગેંડાજી બેઉ હું-ખાવું હું-ખાવું કરતાં,
ગાય આવી ત્યાં બોલી આજે ગુરુવાર છે.



શિયાળભાઈએ ખેતરમાં જઈ શેરડી બહુ-બહુ ખાધી,
ખેડુ આવી બોલ્યા આજે શુક્રવાર છે.



શાહમૃગજી શિમડા નીચે એક પગે થઈ ઉભા,
બંદર પૂછે કેમ તો કહે શનિવાર છે.


મોટીબેને નાનાભાઈને કહ્યું કે ચાલો ભણીએ,
ભાઈ કહે બેન આજે રવિવાર છે.


શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: અભિનય ગીત ::

# ગોળુડો ઘાટ ભાઈ





ગોળુડો ઘાટ ભાઈ ગોળુડો ઘાટ
સૂરજદાદાનો ભાઈ ગોળુડો ઘાટ,
પૂનમના ચંદાનો ગોળુડો ઘાટ,
ગોળુડો ઘાટ ભાઈ ગોળુડો ઘાટ.





પીળી નારંગીનો ગોળુકો ઘાટ
રમવાના દડાનો ગોળુકો ઘાટ
ગોળુડો ઘાટ ભાઈ ગોળુડો ઘાટ.




આપણી આ પૃથ્વીનો ગોળુડો ઘાટ,
ભઈલા મોટાનો ગોળુડો ઘાટ,
ગોળુડો ઘાટ ભાઈ ગોળુડો ઘાટ.

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: બાળગીત ::

# ઉગી સોહામણી સવાર



ઉગી સોહામણી સવાર, આવો કબુતરા,


આંગણે મેં નાખી જુવાર, આવો કબુતરા... ઉગી...

રત્નજડી આંખડી, ભૂરી ભૂરી પાંખડી,

શોભી રહ્યા છે અપાર આવો કબુતરા... ઉગી...

બીશો માં, ઉડશો માં, ભોળાં કબૂતરાં,

આવો સૌ કરીએ વિહાર, આવો કબુતરા... ઉગી...



જુદા નથી આપણે, બાંધ્યાં પ્રેમ તાંતણે,


એક પિતાનો પરિવાર, આવો કબુતરા... ઉગી...

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: બાળગીત ::

# વાયરા વનવગડામાં



વાયરા વનવગડામાં વાતા'તા,

વા વા વંટોળિયા રે...



હાં રે અમે ગાડામાં બેસીને જાતા'તા,

વા વા વંટોળિયા રે..

ગાડા દોડે, ઘૂઘરા બોલે, બળદ કેરાં શિંગડાં ડોલે,

હાં રે અમે એક સાથ સાથ મળી ગાતા'તા,

વા વા વંટોળિયા રે...



ધોમ ધખેલા, આભ તપેલાં, ગરમી કેરી ગાર લીપેલાં,

હાં રે અમે ઉની ઉની લૂ મહીં નાહતા'તા,

વા વા વંટોળિયા રે...

શ્રી ભેરાણા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: બાળગીત ::

# ટીવી મારું બહુ

ટીવી મારું બહુ રૂપાળું, નિત નિત જોવા બેસું

મમ્મી પપ્પા લડતાં, મુજને એમાં ખોટું છે શું ?

કાર્ટૂન ચિત્રો જોતાં, જોતાં વિસ્મય મુજને થાય

જંગલ દશ્યો જોતાં, જોતાં મન મારું હરખાય

એક પછી એક મારા મનમાં થતા બહુ સવાલો

ટીવી મારું દોસ્ત દઈ જતું જવાબો

ટીવીમાં છે સઘળા રસ પણ મન ભાવે તે ચાખું

ભણવામાં પણ ધ્યાન દઉં ને પહેલો નંબર રાખું

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: અભિનય ગીત ::

# એક મજાનો માળો



એક મજાનો માળો એમાં,

દસ ચકલીઓ રહેતી'તી,

હો હો હો હો ચકલી ચીં ચીં ચી.

પહેલી ચકલી ચોખા ખાંડે, બીજી મગડા ભરડે,

ત્રીજી બેઠી કરે તડાકા (૨) ચોથી ચોખા ચાળે (૨)

એક મજાનો...




હો હો હો હો ચકલી ચીં ચીં ચીં

પાંચમી ઓરે ખીચડીને છઠ્ઠી છમ છમ નાચે,

સાતમી શાક સુધારેને (૨) આઠમી હજીય ઉંઘે (૨)

એક મજાનો...



હો હો હો હો ચકલી ચીં ચીં ચીં

નવમી નીર ભરી લાવેને દસમી દમ ભીડાવે,

કહે ખીચડી થઈ ગઈ હવે (૨) કોણ જમે કોણ રમે (૨)

કામ કરે એ જમે, ન કરે એ રમે (૨)

હો હો હો હો ચકલી ચીં ચીં ચીં

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: અભિનય ગીત ::

## બા વિના મને



બા વિના મને ખવડાવે કોણ ?

બા વિના મને સુવડાવે કોણ ?

વહાલા મારા બા, મને વહાલાં મારા બા...



બાપુ વિના મને રમાડે કોણ ?

સાઈકલ પર મને બેસાડે કોણ ?

વહાલા મારા બાપુ, મને વહાલા મારા બાપુ...



દાદી વિના લાડ કરે કોણ ?

બઉઓ મોટો આપે કોણ ?

વહાલા મારા દાદી, મને વહાલાં મારા દાદી...



દાદા વિના વાર્તા કહે કોણ ?

મંદિરે મને લઈ જાય કોણ ?

વહાલા મારા દાદાજી, મને વહાલા મારા દાદાજી...

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: બાળગીત ::

# ચાલો ચાલોને



ચાલો ચાલોને રમીએ હોડી હોડી (૨)

વરસ્યો વરસાદ ખૂબ આજે મૂશળધાર,

ઝરણાં નાનાં જાય દોડી દોડી... ચાલો...

બાપુનાં છાપા નક્કામાં થોથાં,

કાપીકૂપીને કરીએ હોડી... ચાલો...

સાદીને સઢવાળી, નાની ને મોટી,


મૂકીએ પવનમાં છોડી છોડી... ચાલો...

ખાલી રાખેલી ઉંધી વળે તો,

પાંદડાં ને ફૂલ ભરું તોડી તોડી... ચાલો...

જાશું દરિયાપાર પરીઓના દેશમાં,

સૌથી પહેલી દોસ્ત મારી હોડી... ચાલો...



શ્રી ભેરાણા પ્રાથમિક શાળા, તાલુકો : કાટડા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: અભિનય ગીત ::

# મેં એક બિલાડી



મેં એક બિલાડી પાળી છે

તે રંગે બહુ રૂપાળી છે.

દૂધ ખાય, દહીં ખાય

ઘી તો ચપચપ ચાટી જાય

તે હળવે હળવે ચાલે છે


ને અંધારામાં ભાળે છે

તે ઉંદરને ઝટપટ ઝાલે છે.

પણ કૂતરાથી બીતી ચાલે છે

તેના ડીલ પર ડાઘ છે.

તે મારા ઘરનો વાઘ છે.



શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: અભિનય ગીત ::

# ચાલો જોવા જઈએ

ચાલો જોવા જઈએ, મેળામાં ચાલો જોવા જઈએ (૨)

મેળામાં જઈને મજા કરીશું, ચાલો જોવા જઈએ...



મેળામાં જઈને શું-શું કરશું ?


ચક્કર ચક્કર ચકડોળમાં ફરશું,

જાડાપાડા હાથી પર બેસશું... ચાલો...

મેળામાં જઈને શું-શું ખાશું ?

તીખી-તીખી ભેળ ખાશું,

ઠંડો-ઠંડો આઈસ્ક્રીમ ખાશું... ચાલો...



મેળામાં જઈને શું-શું લેશું ?

બેન માટે બંગડી લેશું,

ભાઈ માટે ભમરડો લેશું,


મમ્મી માટે માળા લેશું,

પપ્પા માટે પાકીટ લેશું... ચાલો...

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

# :: અભિનય ગીત ::

## પંખી બની



પંખી બની ઉડી જાશું,

હો હો હો ચાંદામામાના દેશમાં.

રૂપાળી પરીઓનાં દેશ ચાંદામામા,

પરી બની ઉડી જાશું,

હો હો હો ચાંદામામાના દેશમાં.

કાળા-કાળા વાદળનો દેશ ચાંદામામા,

વાદળ બની વરસી જાશું,

હો હો હો ચાંદામામાના દેશમાં.

ટમટમતા તારલાનો દેશ ચાંદામામા,

તારલા બની ચમકી જાશું,

હો હો હો ચાંદામામાના દેશમાં.

શ્રી ગેવાડા પ્રાથમિક શાળા, તાલુકો : કાટકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: અભિનય ગીત ::

## મૈં એક છોટી

મૈં એક છોટી કઠપૂતલી હું,

રોના મુઝકો આતા નહિં.

લડ્ડુ પૈંડા ખાઉં મઝેસે,

ખાના બનાના આતા નહિં... મૈં એક...

લીમકા, લેમન પીઉં મઝેસે,

શરબત બનાના આતા નહિં... મૈં એક...

ફ્રોક, સાડી પહનું મઝેસે,

કપડે સીના આતા નહિં... મૈં એક...



WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: અભિનય ગીત ::

## હવે ખૂલી...




હવે ખૂલી ગઈ છે નિશાળ,
છોકરા ભણવાને આવજો.

અલ્યા રજાઓ નથી લગાર, છોકરા ભણવાને આવજો,
કાળા તે પાટિયા, વાટ તારી જોતા,
ધોળા તે ચોક, તો ખોખામાં રોતા,
તમે લખી દો તારીખ ને વાર... છોકરા...




રમતનાં મેદાન સૂનાં છે ક્યારનાં,
કેટલા દિવસથી રેત ઉડી લગાર ના,
તમે દોડો ને હું દઉં દાવ... છોકરા...



દફ્તર તમારા ખીંટીએ ટિંગાતા,
સ્લેટ અને નોટ તો અંદર અથડાતા,
હવે લખવા માટે કાઢો બહાર... છોકરા...



લેસન આપ્યું તું તમને ગુરુજીએ કેટલું,
લખ્યું તું કેટલું ને વાંચ્યું તું કેટલું,
ઉભા થઈને તું લેસન બતાવ... છોકરા...



બારીની પાસે બેલભાઈ શોભતા,
ટન...ન...ન... ખખડે ને તમે કેવા દોડતા
હવે દફ્તર કરો ને તૈયાર... છોકરા...


WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

# :: બાળગીત ::

# ડિસ્કો ગોપી ડિસ્કો



ડિસ્કો ગોપી ડિસ્કો, કાનુડો ટનાટન છે,
ગોવાળી લઈને હું તો દૂધ દોવા ગઈતી,
દૂધ પીવા આવજે કાના દૂધ ટનાટન છે,
ડિસ્કો...

સાગર કિનારે વાલા રાસ રચાય છે,
રાસ રમવા આવજે કાના ગોપીઓ ટનાટન છે,
ડિસ્કો...



વલોણું વલોવી મેં તો માખણ બનાવ્યું,
માખણ ખાવા આવજે કાના માખણ ટનાટન છે,
ડિસ્કો...

મેથીના મેં તો ઢેબરા બનાવ્યા,
ઢેબરા ખાવા આવજે કાના ઢેબરા ટનાટન છે,
ડિસ્કો...

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: બાળગીત ::

## ધોળા ધોળા સસલા



ધોળા ધોળા સસલા તમે ક્યાં ચાલ્યાં ?

અમે બાગ બગીચે જઈએ, અમે પાંદડાં વીણી ખઈએ,

એવા ધોળા ધોળા અમે સસલા છીએ.



ધોળા ધોળા બગલા તમે ક્યાં ચાલ્યાં ?


અમે નદી–કિનારે જઈએ, અમે માછલાં વીણી ખઈએ,

એવા ધોળા ધોળા અમે બગલા છીએ.

ધોળા ધોળા હંસલા તમે ક્યાં ચાલ્યા ?

અમે માનસરોવર જઈએ, અમે મોતીચારો ચરીએ,

એવા ધોળા ધોળા અમે હંસલા છીએ.




શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN


# :: અભિનય ગીત ::

## આવીને ઉડી

આવીને ઉડી ના જઈશ ઓ ચકલી,
આવીને ઉડી ના જઇશ.



તને ચપટી ચવાણું દઈશ,
તને ખોબલે પાણી પાઇશ,
ઓ ચકલી આવીને ઉડી ના જઈશ.



તને ખોળામાં બેસવા દઈશ,
તને ધૂળમાં રમવા દઈશ,
ઓ ચકલી આવીને ઉડી ના જઈશ.

તને ઘરમાં પેસવા દઈશ,
તને માળો કરવા દઈશ,
ઓ ચકલી આવીને ઉડી ના જઈશ.

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: અભિનય ગીત ::

## ચોપડી ખોલું




ચોપડી ખોલું ને પાના ઉડી જાય,

ના ના રે વંચાય, ના ના રે લખાય (૨)

મારા કાળજામાં કંઈ કંઈ થાય,

ચોપડી...



થોડું થોડું ગણાય, થોડું થોડું લખાય (૨)

સીધું મગજમાં ઉતરી જાય,

ચોપડી...



હોંશે હોંશે લખાય, હોંશે હોશેં ભણાય (૨)

અમ બાલુડા ભણવા જાય,


ચોપડી...

શ્રી ગોવાણા પ્રાથમિક શાળા, તાલુકો : ક્રાટડા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: અભિનય ગીત ::

## ઘડિયાળ મારું




ઘડિયાળ મારું નાનું એ ચાલે છાનું-માનું !
એ તો કેવી અજબ જેવી વાત છે !

એને નથી પગ પણ ચાલે ઝટપટ !
એ તો કેવી અજબ જેવી વાત છે !

ખાવાનું નહિં ભાવે પણ ચાવી આપે ચાલે !
એ તો કેવી અજબ જેવી વાત છે !

દિવસ રાત ચાલે પણ થાક નહિં લાગે !
એ તો કેવી અજબ જેવી વાત છે !

ટક-ટક કરતું બોલે જરાય નહિં થોભે !
એ તો કેવી અજબ જેવી વાત છે !



શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

## :: અભિનય ગીત ::

# મામા ઢીંગગલ



મામા ઢીંગ્ગલ ઢીંગ્ગલ ઢીંગ્ગલ (૨)

હું તો ઢીંગલી કે હું તો ઢીંગલી,

પુરી વણું તો મારા હાથ દુઃખી જાય છે,

મામા... હું તો...

પાણી ખેંચું તો મારી કમ્મર દુઃખી જાય છે,

મામા... હું તો...

કપડા ધોઉં તો મારા ખભા દુઃખી જાય છે,

મામા... હું તો...




# :: બાળગીત ::

## પ્રભુની દુનિયા



પ્રભુની દુનિયા કેવી છે ? ખંડોની બનેલી છે.

એશિયા ખંડ કેવો છે ? દેશોનો બનેલો છે.



ભારત દેશ કેવો છે ? રાજ્યોનો બનેલો છે.

ગુજરાત રાજ્ય કેવું છે ? જિલ્લાનું બનેલું છે.

જામનગર જિલ્લો કેવો છે ? તાલુકાનો બનેલો છે.

દ્વારકા તાલુકો કેવો છે ? ગામોનો બનેલો છે.

મેવાસા ગામ કેવું છે ? મહોલ્લાનું બનેલું છે.

વાડી વિસ્તાર કેવો છે ? ઘરોનો બનેલો છે.

આપણું ઘર કેવું છે ? સુખ આપે એવું છે.

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

# :: બાળગીત ::

## કેવા મજાના



કેવા મજાના દેખાય,
છોકરા કેવા મજાનાં,
પહેલા ધોરણના કહેવાય,
છોકરા કેવા મજાનાં.



શાળાએ આવતા ભોળા બાલુડાં,
હાથમાં દફ્તર સોહાય,
છોકરા કેવા મજાનાં.

લાઈનમાં બેસતા એક સાથે બોલતા,
બાળગીત બાલુડા ગાય,
છોકરા કેવા મજાનાં.



ભોળા બાલુડાના બાગમેં બનાવ્યા,
માળી થવાનું મન થાય,
છોકરા કેવા મજાનાં.

કાલી બોલી એની વ્હાલી મને,
બોલે જાણે ફૂલ વેરાય,
છોકરા કેવા મજાનાં.

આપો આશિષ મારા ભોળાં બાલુડાને,
જ્ઞાનની જ્યોત પ્રગટાય,
છોકરા કેવા મજાનાં.

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: અભિનય ગીત ::

## દૂધવાળી રે



દૂધવાળી રે હું તો દૂધવાળી,
રબારણ હું તો દૂધવાળી.

નાકે છે નથણી, ને માથે છે ટીંલડી,
માથે તે ઓઢણી ઓઢાડી,
રબારણ હું તો દૂધવાળી.


પગમાં છે ઝાંઝરને, હાથમાં છે કંકણ,
માથે તે તાસડી ઉપાડી,
રબારણ હું તો દૂધવાળી.

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: બાળગીત ::

# લ્યો તાજી ભાજી



લ્યો તાજી ભાજી લાવી (૨) શાકવાળી આવી,
બે રૂપિયે કિલો ભાજી, સુરતી રતાળુ લાવી,
સુરતી પાપડી લાવી, મુંબઈના વટાણા લાવી,
શાકવાળી આવી...

મૂળા લાવી મારવાડના, પરવળ લાવી વડોદરાના,
ભરૂચના હું ભીંડા લાવી,
લઈ લ્યો તાજી તાજી ભાજી લાવી
શાકવાળી આવી...

બાબલાને માટે બોર લાવી ખાસ અમદાવાદથી,
શક્કરટેટી લાવી, લઈ લ્યો તાજી તાજી ભાજી લાવી
શાકવાળી આવી...

ગુવારફળી લાવી હું તો, શેરીએ-શેરીએ વેંચવી,
શાકવાળી આવી, જાતજાતની શાકભાજી લાવી,
દૂધી, તુરિયા, કાકડી લાવી કડવા લાવી કારેલા,
ચાલો બહેનો, ચાલો બહેનો,
લઈ લ્યો તાજી તાજી ભાજી લાવી,
શાકવાળી આવી...




WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: અભિનય ગીત ::


## બોલો બોલો કોણ




બોલો બોલો કોણ અરે ભાઈ બોલો બોલો કોણ ?
ધમધમ ચાલે એના સૂપડા જેવા કાન એના...
કાળો કાળો પહાડ જેવા લગાવે છે તાન ભાઈ લગાવે છે તાન,
બોલો બોલો કોણ અરે ભાઈ...
હાથીભાઈ હાથીભાઈ



રોજ સવારે આવી એ તો દાણા ચણી જાય એ તો...
દાણા ખાઈ પાણી પી એ તો ઉડી જાય ભાઈ એ તો...
બોલો બોલો કોણ અરે ભાઈ બોલો બોલો કોણ ?
ચકીબેન ચકીબેન



ઝાડે ઝાડે કુદકા મારે હૂપ હૂપ હૂપ કરે એ તો...
લાકડી લઈને મારવા જાતા એ તો ભાગી જાય,
બોલો બોલો કોણ અરે ભાઈ બોલો બોલો કોણ ?
વાંદરાભાઈ વાંદરાભાઈ



રંગબેરંગી પીંછા એ તો નાચે થનગન કરતો એ તો...
રીમઝીમ-રીમઝીમ વર્ષા વરસે ફેર-ફુદરડી ફરતો,
બોલો બોલો કોણ અરે ભાઈ બોલો બોલો કોણ ?
મોરભાઈ મોરભાઈ

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: બાળગીત ::

## પેલા પંખીને




પેલા પંખીને જોઈને મને થાય,

એના જેવી જો પાંખ મળી જાય,

તો આભલે ઉડયા કરું બસ ઉડયા કરું... પેલા પંખીને...

ઘડિયાળમાં દશ વાગે ટીન... ટીન... ટીન... ટીન... (૬)

ઘડિયાળમાં દશ વાગે, બા મને શોધવા આવે,

બચુ કયાં (૬)

કે આભલે ઉડયા કરું, બસ ઉડયા કરું... પેલા પંખીને...



પેલા ડુંગરાની ટોચે, મારી આંખ ત્યાં જઈ પહોંચે,

બા ઢીંગલી જેવા, બાપુ ઢીંગલા જેવા,

નાના નાના લાગે, એ તો કેવા છાનામાના (૨)

કે આભલે ઉડયા કરું, બસ ઉડયા કરું.

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: બાળગીત ::

## ચાંદલિયો આવ્યો



ચાંદલિયો આવ્યો અજવાળાં લાવ્યો,

ચાંદની રે... તું અહીંયા આવ (૨)

મેઘરાજા આવ્યા, ગડગડાટ લાવ્યા,

વીજળી રે... તું અહીંયા આવ (૨)

સરિતા રે આવી, ખડખડાટ લાવી,

નાવડી રે... તું અહીંયા આવ (૨)

સંધ્યારાણી આવ્યાં, અંધકાર લાવ્યા,

ઉષારાણી રે... તું અહીંયા આવ (૨)



શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN


# :: બાળગીત ::

# છાનીમાની રાત પડી



છાનીમાની રાત પડી,
નાના નાના બાલુડાંની આંખડીએ,
આવી ગઈ નીંદરડી.

સુંવાળા સપનામાં આજે નવી નવી વાત જડી,
એક કુંવર ગોરો, ખોવાયો વનમાં,
કાળું રે અંધારું, છાયું ગગનમાં,
ઝાકને ઝમાળ જયારે આવ્યા પરીચણી,
ત્યારે કુંવરને હાશ વળી...



ચારેકોર વન નાચે છમ છૈયા,
પરી પૂછે કોણ તું છુપાયાં અહીંયા,
કુંવર કહે કે રાજા રાજા રમતાં રે,
મારી છૂપી ગઈ વાટલડી...

હઠવો મૂકયો છે કયારનો હું ભૂખ્યા,
કુંવરની આંખે આવ્યાં,
આસું ખુલ્લે ખુલ્લાં,
પરીએ જાદુથી કાઢયાં સો-સો રસગુલ્લા.

શ્રી ભેવાડા પ્રાથમિક શાળા, તાલુકો : ક્રારડા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

## :: બાળગીત ::

# સોનાની ઝુલો



સોનાની ઝુલો રેશમની દોરી (૨)

ઝૂલામાં બેઠી છે ચાંદ ચકોરી...

ઝૂલો માડી ઝૂલાવે ઉંચે ગગનમાં જાયે,

બેની બહુ હરખાયે થૈ થૈ નાચે ગાય.

પરીઓનાં ટોળાં આવે, મઘમઘતાં ફૂલડાં લાવે,

ચાંદામામા ઢોળે રૂપની કટોરી.

દઈશું બેનીને રમવા ચાંદો સૂરજને તારા,

આપીશું નવરંગી માળા નાના રમકડાં પ્યારા.

મેના કોયલ આવે મધુરા ગીતો સુણાવે,

ઝટ પોઢી જાયે બેની મારી.


શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: અભિનય ગીત ::

## ચાલો જોવા

ચાલો જોવા ચાલો જોવા નવી જાતનું સરઘસ જાય,
ભાતભાતનાં સુરતાલમાં જાતજાતનાં ગીતો ગાય...



કૂતરાભાઈ : હાવ હાવ હાવ
વ્હાલા બાળકો તમે તો મને જાણતાં જ હશો.
હું તમારા ઘરની રખેવાળી કરતો વફાદાર કૂતરો છું.
તમે મારી સાથે રમવા આવશો ને ?
આવજો આવજો આવજો... હાવ હાવ હાવ

ચાલો જોવા ચાલો જોવા નવી જાતનું સરઘસ જાય,
ભાતભાતનાં સુરતાલમાં જાતજાતનાં ગીતો ગાય...




બિલાડી : મ્યાઉં મ્યાઉં મ્યાઉં
મારા વ્હાલા બાળકો તમે મો મને જાણતાં જ હશો.
હું બિલાડી છું.
હું હેરાન કરતા ઉંદરોને મારી નાખું છું.
મને તો ઘી, દૂધ અને દહીં ખૂબ જ ભાવે છે.
તો બાળકો હું જાવ છું.
આવજો આવજો મ્યાઉં.. મ્યાઉં... મ્યાઉં...

ચાલો જોવા ચાલો જોવા નવી જાતનું સરઘસ જાય,
ભાતભાતનાં સુરતાલમાં જાતજાતનાં ગીતો ગાય.



WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN



ગધેડાભાઈ : હોંચી... હોંચી... હોંચી...

હું કોણ છું એ તો તમે જાણતા જ હશો.

હું ગધ્ધાભાઈ છું.

મને હોંચી હોંચી કરવું ખૂબ જ ગમે છે.

મને લીલું ઘાસ બહુ ભાવે છે.


મને પાછળ પગેથી લાતો મારવાની ખોટી આદત છે.

તો બાળકો મારી પાછળ ઉભા રહેશો નહિ.

તો હું જાવ છું. હોંચી... હોંચી... હોંચી...

ચાલો જોવા ચાલો જોવા નવી જાતનું સરઘસ જાય,

ભાતભાતનાં સુરતાલમાં જાતજાતનાં ગીતો ગાય.



ઘોડાભાઈ : તબડક તબડક ઈહીહીહી...

તમે મને ઓળખ્યો ?

હું કોણ ? હું ઘોડો છું ઘોડો.

નાનાં બાળકો મને ખૂબ જ પસંદ કરે છે.

મને ઘાસ અને ચણા ખૂબ જ ભાવે છે.

મને આરામ કરવો ગમતો નથી.

ચાલો આવજો આવજો. તબડક તબડક ઈહીહીહી...

ચાલો જોવા ચાલો જોવા નવી જાતનું સરઘસ જાય,

ભાતભાતનાં સુરતાલમાં જાતજાતનાં ગીતો ગાય.




WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN



શિયાળભાઈ : હુંકી... હુંકી... હુંકી...
હા, મિત્રો તમે જાણો છો હું કોણ છું ?
હું શિયાળ છું. હું જગંલમાં રહું છું.
મને ખાટી દ્રાક્ષ ખૂબ જ ભાવે છે.
તો વ્હાલા બાળકો હું જાવ છું .
ત્યારે આવજો આવજો. હુંકી... હુંકી... હુંકી...

ચાલો જોવા ચાલો જોવા નવી જાતનું સરઘસ જાય,
ભાતભાતનાં સુરતાલમાં જાતજાતનાં ગીતો ગાય.



બકરી : બે...એ બે...એ બે...એ
તમે મને ઓળખી બાળકો ?
હું બકરી છું બકરી.
મને લીલું ઘાસ ખૂબ જ ભાવે છે.
મને ટોળામાં રહેવું ખૂબ જ ગમે છે.
હું જાવ છું ત્યારે આવજો. બે...એ બે...એ બે...એ

ચાલો જોવા ચાલો જોવા નવી જાતનું સરઘસ જાય,
ભાતભાતનાં સુરતાલમાં જાતજાતનાં ગીતો ગાય.



વાઘ : ગર્જના... .... ...
મારા વ્હાલાં બાળમિત્રો હું કોણ છું ?
તમે મને જાણો છો ? હું જગંલમાં રહેતો વાઘ છું.
હું બીજા પશુઓને ફાડીને ખાય જાવ છું.
મારાથી બધાજ પ્રાણીઓ ડરે છે, તો આવજો ત્યારે (ગર્જના)

ચાલો જોવા ચાલો જોવા નવી જાતનું સરઘસ જાય,
ભાતભાતનાં સુરતાલમાં જાતજાતનાં ગીતો ગાય.


WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

હાથીભાઈ : સૂંઢ ઉલાળતાં ઉલાળતાં

મારા નાના-નાના બાળ દોસ્તો તમે બધા તો મને ઓળખતા જ હશો.
હું હાથી છું હાથી. મારી સૂંઢ ખૂબ લાંબ છે.
મારા કાન સૂપડા જેવા છે. મારા પગ થાંભલા જેવા છે.
મારું પેટ ગાગર જેવું છે. તમે મારી સાથે રમવા આવશો ને ?
ચાલો ત્યારે હું જાવ છું. આવજો આવજો

ચાલો જોવા ચાલો જોવા નવી જાતનું સરઘસ જાય,
ભાતભાતનાં સુરતાલમાં જાતજાતનાં ગીતો ગાય.



સૌની આગળ કૂતરાભાઈ
હાઉ હાઉ કરતા ગીતો ગાય

મ્યાઉં મ્યાઉં બિલ્લી ગાતી
હોંચી હોંચી ગધ્ધાભાઈ

ઈહી ઈહી ઘોડો કરતો
હુંકી હુંકી શિયાળભાઈ

બેં બેં બેં બેં બકરી ગાતી
ગર્જના કરતા વાઘભાઈ





ચાલો જોવા ચાલો જોવા નવી જાતનું સરઘસ જાય,
ભાતભાતનાં સુરતાલમાં જાતજાતનાં ગીતો ગાય.

શ્રી ભેવાડા પ્રાથમિક શાળા, તાલુકો : ફાટકા, જિલ્લો : ભાવનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: અભિનય ગીત ::


## ટમ ટમકતા

ટમ ટમકતા તારલિયા,

ઝબુક-ઝબુકતા તારલિયા,

મને ગમે છે તારલિયા ટમ ટમકતા તારલિયા...





એક તારો છે લાલ-લાલ,

બોલો એનું શું છે નામ ?

મંગળભાઈ મંગળભાઈ

સરસ સરસ ઘણું સરસ... ટમ ટમકતા...

બીજો એક તારો છે,

ઝીણો પણ ચમકતો છે,

સૂર્યની છેક નજીક છે,

બોલો એ તો કોણ છે ?

બુધવારના બુધભાઈ

શાબાશ શાબાશ ... ટમ ટમકતા...


શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

તેજસ્વી એક તારો છે,


ઉત્તર દિશામાં સ્થિર છે.

બોલો એનું શું છે નામ ?




તપ કરનાર ધ્રુવભાઈ

વાહ વાહ ... ટમ ટમકતા...



સાત તારા સથવારે છે,



લાકડા જેવા આકારે છે,

એ સાતનું એક નામ છે,

રૂડા અમારા સપ્તર્ષિભાઈ,

સરસ સરસ ઘણું સરસ... ટમ ટમકતા...

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: બાળગીત ::

## આયઝન બાયઝન


આયઝન બાયઝન આવો મારા મરઘા

આયઝન બાયઝન આવો મારા મરઘી

મારા મરઘાની માથે છે ચોટલી

મારી મરઘી વણે છે રોટલી

આયઝન બાયઝન...



મારો મરઘો ફરે છે મોટરમાં

મારી મરઘી ફરે છે ગટરમાં

આયઝન બાયઝન...

મારો મરઘો ખાએ છે તમાકું

મારી મરઘી બતાવે છે ચાકુ

આયઝન બાયઝન...



શ્રી ગેવાડા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: બાળગીત ::

## મારાથી ગામડિયાનું

મારાથી ગામડિયાનું સાસરું સહેવાતું નથી,

કચરો વાળ-વાળ થાય (૨)

મારી કેડ દુઃખી જાય (૨)


મારાથી ગામડિયાનું...



કપડાં ધો-ધો થાય (૨)

મારા ખભા દુઃખી જાય (૨)

મારાથી ગામડિયાનું...



રોટલા ટીપ-ટીપ થાય (૨)

મારા હાથ દુઃખી જાય (૨)

મારાથી ગામડિયાનું...



શ્રી ભેનકવડ પ્રાથમિક શાળા, તાલુકો : ભાણવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: અભિનય ગીત ::

## બિલ્લી મારી



બિલ્લી મારી ફેટ છે, એના માથે હેટ છે

હેટ પહેરી ફરવા જાય, ખો–ખો કબડ્ડી રમવા જાય

ખો–ખો કબડ્ડી રમવા જાય

બિલ્લી મારી સેટ છે, એના હાથમાં બેટ છે

બેટ લઈને ફરવા જાય, રોજ ક્રિકેટ રમવા જાય

ઉંદરમામા લેટ છે, ખુલ્લો ઘરનો ગેટ છે

રેટ ભાઈને નડે નેટ, બિલ્લી બોલે મ્યાઉં મ્યાઉં

ઉંદર તને ખાઉં ખાઉં


ડરતાં ડરતાં ઉંદર બોલ્યું શાને મારે મેં શું ચોર્યું ?

શ્રી ગોવાણા પ્રાથમિક શાળા, તાલુકો : ધ્રોલ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: બાળગીત ::

## ફૂલપરી તું



ફૂલપરી તું લઈને જાજે અમને તારા દેશ,

તારા મારા દિલ છે એક, ભલેને જુદા વેશ.

ત્યાં જઈને શું-શું ખાશું ?

ચોકલેટ ખાશું, પીપર ખાશું, ખાશું ડેરીમિલ્ક,

ખીસ્સા ભરીને બરફી ખાશું, ખાશું મેંગોડોલી,

ફૂલપરી...

ત્યાં જઈને શું-શું રમશું ?

ક્રિકેટ રમશું, હોકી રમશું, રમશું ફૂટબોલ,

સોના કેરો દડો, ન રૂપાકેરું બેટ,

ફૂલપરી...





શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

# :: બાળગીત ::

## રંગીલા રંગીલા

રંગીલા રંગીલા રંગીલા પતંગિયા,

આહાહા... આહાહા... આહાહા... પતંગિયા.



ફૂલડે ફૂલડે આમતેમ દોડતા,

આકાશે ઉડતાંને હાથમાં ન આવતાં,

મન મારું મોહી લેતા રે પતંગિયા,

રંગીલા...



બાળકો બાગમાં રમવાને આવતાં,

દોડાવી-દોડાવી થકવી રે નાંખતાં,

મન મારું મોહી લેતાં રે પતંગિયા,


રંગીલા...

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

## :: બાળગીત ::


# ઘોડો ઘુઘરીયાળો

ઘોડો ઘુઘરીયાળો, મારો ઘોડો ઘૂઘરીયાળો,
ઘુઘરીયાળો, ઓહો ઘુઘરીયાળો.



ઘાસ ઘઉં તો ખાઈ છે ને (૨)
રાજી રાજી થાય છે (૨)
થોભાવું તો થોભે છે, દોડાવું તો દોડે છે (૨)
ધડબડ ધડબડ દોડે ત્યારે,
લાગે પાંખોવાળો ઘુઘરીયાળો, ઓહો ઘુઘરીયાળો.

આખા ડિલે કાળો છે તો યે બહું રૂપાળો છે (૨)
ચેતક એનું નામ છે,
ચાબુકનું શું કામ છે,
તેના ઉપર બેસું ત્યારે,
લાગું હું મુછાળો ઘુઘરીયાળો, ઓહો ઘુઘરીયાળો,
ઘોડો ઘુઘરીયાળો.



શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

# :: અભિનય ગીત ::

## રેલમે સનનન




રેલમે સનનન સનનન હોય રે (૨)

રેલમે બેઠે દો પંજાબી (૨)

રેલમે બલ્લે બલ્લે બલ્લે હોય રે (૨)

રેલમે સનનન...



રેલમે બેઠે દો બંગાલી (૨)

રેલમે રસ-ગુલ્લા (૨) હોય રે (૨)

રેલમે સનનન...



રેલમે બેઠે દો આદિવાસી (૨)

રેલમે હંબા (૪) હોય રે (૨)

રેલમે સનનન...



રેલમે બેઠે દો ગુજરાતી (૨)

રેલમે ઉથલ-પાથલ (૨) હોય રે (૨)

રેલમે સનનન સનનન સનનન હોય રે.


શ્રી ગેવાડા પ્રાથમિક શાળા, તાલુકો : ક્રાટકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: બાળગીત ::

## સર્ર સર્ર

સર્ર સર્ર સર્ર સર્ર સરર્ર સરર્ર,
મારી પતંગ ઉડે આકાશે,
બારી, અટારી અગાશી થઈને,
વાદળ પાસે જાશે... સર્ર...




ઘડી ઉપર એ જાય,
ઘડી નીચે એ જાય,

ઘડી ગોળ ગોળ ગોથાં પાણી ખાય,
એમ એમ કરતાં ધરતી આભની,
મીઠી સફર કરાશે... સર્ર...



ઘડી ઝાડમાં ફસાય,
થાંભલામાં અટવાય,
ઘડી ચટ થઈ એ નીચે પડી જાય,
પડતાં પડતાં તોફાની ટોળાના,
હાથે એ ઝીલાશે... સર્ર...




ઘડી પેચ લગાવાસે,
ઘડી કટ્ટ કરાય,
ઘડી ઢી...લ મૂકીને આંચકા મરાય,
બીજી પતંગને કાપશે કાંતો,
પોતે ક્યાંક કપાશે... સર્ર...

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: બાળગીત ::

## ચાંદા રે મામા



ચાંદા રે મામા મને ખૂબ ભાવતા,

બોલાવું તોય કેમ પાસ નહીં આવતા,

ચાલું તો મારી સંગાથે તમે ચાલતા,


દોડું તો મારાથી આગળ જઈ દોડતા,

નિરખું તો નિરખું હસું તો મલકતા...

ઝાડે ચડીને મારે તે મને નિરખવા, બોલાવું...

પહાડે ચડીને વળી ચાહું પકડવા,

મારા પ્રયાસો પર દૂરથી મલકતા, બોલાવું...



શીતળતા મુજને મધુર બહુ લાગતી,

શાંતિ તમારી અનુપમ છે ભાસતી,

સુદમાં કમાવી વળી વદમાં દ્યો પાછી બોલાવું...

ચાંદા રે મામા...

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

# :: બળતણ ગીત ::

## અક્કડ બક્કડ



અક્કડ બક્કડ બમ્બે બોલ
ધરતી તો ભાઈ ગોળ મટોળ

આવો નાના–મોટા સૌએ
ખોલો આ ધરતીની પોલ

ધરતી નીચે શું-શું છે ?
ડીઝલ ગેસ અને પટ્રોલ

જાત–જાતનાં ખનિજ ભર્યા છે
અને રસાયણ લોલમલોલ

કોલસા, લોઢું, તાંબું, જસત
સોના ચાંદી છે અણમોલ

ધરતી નીચે ભર્યો ખજાનો
ઉપરની માટી છે ખોલ

અક્કડ બક્કડ બમ્બે બોલ
ધરતી તો ભાઈ ગોળ મટોળ




શ્રી ગેવાડા પ્રાથમિક શાળા, તાલુકો : ક્રાટકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN


# :: બાળગીત ::

# આવ્યો રમકડાંવાળો

આવ્યો આવ્યો રમકડાંવાળો રમકડાંવાળો,
કે લઈ લ્યો લઈ લ્યો રમકડાં.



ઉડતું વિમાન, અરે ઝૂલતો હાથી,
લઈ લ્યો પિસ્તોલ,
એ તો સંકટનો સાથી,
ઢીશુંમ ઢીશુંમ ઢીશુંમ... આવ્યો...



છમ છમ નાચતી એતો પેલી ઢીંગલી,
આંખો મલકાવે એની કેવી રે પીંગળી,
પટ પટ પટ... આવ્યો...




સૂતેલા દાદાને જઈને જગાડે,
પીપૂડા વાજાને ઢોલક વગાડે,
ઢમ ઢમ ઢમ ... આવ્યો...

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: વ્યવસાય ગીત ::

## હું દૂધવાળી



હું દૂધવાળી આવી (૨)
મીઠું-મીઠું તાજું દૂધ છે મારું,
વ્હેલી સવારમાં લેજો પીવા સારું,
વેચવાને હું લાવી... હું દૂધવાળી...

હું ફૂલવાળી આવી (૨)
ફરકી જાસૂદને ગુલાબ વેણી,
મોગરો જુઈને કદમ રાતરાણી,
વેંચવાને હું લાવી... હું ફૂલવાળી...



હું દાંતણવાળી આવી (૨)
લીલાં હરિયાળાં દાંતણ છે મારા,
સવારના પહોરમાં લેજો દાંતણ પ્યારાં,
વેંચવાને હું લાવી... હું દાંતણવાળી

હું રમકડાંવાળી આવી (૨)
પોપટ ચકલીને સુંદર વાજું,
રૂપાળી ઢીંગલીન દાક્ષ નારંગી,
વેંચવાને હું લાવી... હું રમકડાવાળી...

હું શાકવાળી આવી (૨)
કુણીકુણી ભાજીને તાજા છે તુરિયાં,
રીંગણ બટેટાને લીલૂડા દૂધિયા,
વેંચવાને હું લાવી... હું શાકવાળી...

શ્રી ભેવાડા પ્રાથમિક શાળા, તાલુકો : ક્રાટકા, જિલ્લો : ભાવનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN


# :: બાળગીત ::

# બિલાડીનું નાનું


બિલાડીનું નાનું બચ્ચું મેળો જોવા જાય,
બસ રિક્ષામાં ચક્કર આવે,
તેથી ચાલતું ચાલતું જાય.
બિલાડીનું...



રસ્તાની એ ડાબે ચાલે, ધીમું ધીમું જાય,
ઉપરથી તો હિંમત રાખે, પણ મનમાં તો ઘભરાય.
બિલાડીનું...



કુતરાભાઈ તો ટ્રાફિક પોલિસ, તરત સમજી જાય,
સીટી મારે હાથ બતાવે, વાહન થોભી જાય.
બિલાડીનું...



મેળામાં તો સ્ટોલ ઘણાં છે, ખાવા મન લલચાય,
પણ મમ્મીનું યાદ આવે કે બહારનું ના ખવાય.
બિલાડીનું...

શ્રી ગેવાયા પ્રાથમિક શાળા, તાલુકો : ભાણવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: બાળગીત ::

## અમે તાળી



અમે તાળી દઈને રમીએ રે,

બાગ બગીચે ફરવા જઈએ,

ફૂલ ખીલેલા ભેગા કરીએ,

ફૂલડાં સાથે રમીએ રે અમે ફૂલડાં સાથે રમીએ રે.

નદી કિનારે ફરવા જઈએ,

પાણી દેખી નાવા પડીએ (૨)

સરરરર... સરરરર... તરીએ રે... અમે સરરરર...

અમે ગોળ ગોળ,

ચાંદની રાતે રમતો રમીએ,

સંતાકૂકડી ખૂબ જ રમીએ,

ફેરફૂદરડી ખૂબ જ ફરીએ... અમે ફેરફૂદરડી...

અમે તાળી...



શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: બાળગીત ::

# શિંગોડા, શિંગોડા

શિંગોડા, શિંગોડા, અમને આપો થોડા,

એક પછી એક આવો, નહીં તો પડી જશો મોડા.



એક શિંગોડું એવું એ આખો દિવસ રડતું,

એ...એ...એ...એ... કરતું એએએએ...

બોલોજી તમને ગમતું  ના ના ના ના ના ના ના

શિંગોડા શિંગોડા...

એક શિંગોડું એવું એ આખો દિવસ લડતું,

ચુંટીયા ભરતું... બચકા ભરતું...

બોલોજી તમને ગમતું  ના ના ના ના ના ના ના

શિંગોડા શિંગોડા...



એક શિંગોડું એવું એ આખો દિવસ હસતું,

હા...હા...હા...હા...

બોલોજી તમને ગમતું હા હા હા હા હા હા

શિંગોડા શિંગોડા...

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: બાળગીત ::

# છુઇમુઇ-છુઇમુઇ



છુઈમુઈ–છુઈમુઈ આજ નિંદિયા,

ચાંદની કા ઝૂલા લે કે આજા નિંદિયા,

પાપા ભી સોયે, મમ્મી ભી સોઈ,

સોયા ભેયા.




મેં ભી ચુપ–ચુપ સોઉં ગુડિયા,

છુઈમુઈ–છુઈમુઈ આજ નિંદિયા,

ચાંદની કા ઝૂલા લે કે આજા નિંદિયા,

તારો કી બારાત હૈ, ચંદામામા સાથ હૈ,

દેખો ભૈયા.



મીઠી–મીઠી બાંસુરી સુનાયે પરિયાં,

છુઈમુઈ–છુઈમુઈ આજ નિંદિયા,

ચાંદની કા ઝૂલા લે કે આજા નિંદિયા.

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

# :: અભિનય ગીત ::

## એકડો ન આવડે

એકડો ન આવડે, બગડો ન આવડે

કૂદકા મારતાં આવડે છે (૨) મને...

તગડો ન આવડે, ચોગડો ન આવડે

ઉઠબેસ કરતાં આવડે છે (૨) મને...

પાંચડો ન આવડે, છગડો ન આવડે

બાળગીત ગાતાં આવડે છે (૨) મને...

સાતડો ન આવડે, આઠડો ન આવડે

ક્રિકેટ રમતાં આવડે છે (૨) મને...

નવડો ન આવડે, દશ પણ ન આવડે

ડિસ્કો કરતાં આવડે છે (૨) મને...

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: બાળગીત ::

# મારો છે મોર

મારો છે મોર, મારો છે મોર, મોતી ચરતો મારો છે મોર

મારી છે ઢેલ મારી છે ઢેલ, મોતી ચરતી મારી છે ઢેલ



મારો છે મોર (૨) માળામાં બેસનાર મારો છે મોર


મારી છે ઢેલ (૨) ડાળીએ બેસનાર મારી છે ઢેલ

મારો છે મોર (૨) રાજાનો માનીતો મારો છે મોર

મારી છે ઢેલ (૨) રાણીની માનીતી મારી છે ઢેલ

બોલે છે મોર (૨) સોનાને ટોડલે બોલે છે મોર

બોલે છે ઢેલ (૨) રૂપાને બારણે બોલે છે ઢેલ



શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: બાળગીત ::

## દેખ પરાઠા

દેખ પરાઠા આલૂકા, મન લલચાયા ભાલૂ કા,

બોલા હમભી ખાયેંગેં, કુછ ઘર પર લે જાયેંગે,


કહે લોમડી ના ના ના, યે ઘર પર લે જાયેંગે,

ઈતને સેક ન પાઉંગી, ખુદ ભૂખી રહ જાઉંગી.



કોયલ રાની, કોયલ રાની, કહા મિલી યહ મીઠી બાની ?

કિસી નદીને દાવતમેં કયા તુજે પિલાયા શક્કર પાની.



શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કાટકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: મૂળાક્ષર ગીત ::

## કલમ લીધી




કલમ લીધી, ખડીયો તૂટ્યો, ગણપતિ દોડ્યા ઘરમાં,



ત્યાં તો ચકલી ઉડી જાય છે.





છત્રી લીધી જમરૂખ તોડ્યા, ભર્યા ઝભલામાં,



ત્યાં તો ટપાલી આવી જાય છે.





ઠળીયો ફેંક્યો ડગલામાં ઢગલો ત્યાં થાય,



સાપ ફેણ ચડાવી આવે છે.

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN


શ્રી ગેવાડા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

**ત**લવાર લીધી **થ**ડિયું કાપ્યું, **દ**ડો દોડતો જાય,




ત્યાંતો **ધ**જા ફરકી જાય છે.

**ન**ગારું વાગ્યું, **પ**તંગ ચગ્યો, **ફ**ટાકડા ફૂટી જાય,



**બ**કરી બે બોલી જાય છે.

**ભ**મરડો ભમ્યો, **મ**રચું લાગ્યું, **ય**તિ આવી જાય,



ત્યાં તો **ર**મકડું રમતું થાય છે.


શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN







લખોટા લીધા, વાસણ ભર્યા, શરણાઇ વાગી જાય,



ત્યાં તો ષટકોણ ત્રિકોણ થાય છે.





સસલું દોડ્યું, હરણ સાથે જળપીવાને જાય,





ત્યાં તો ક્ષત્રિય યજ્ઞ થાય છે.

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: અભિનય ગીત ::

## મને ગમે છે શાળા





શાળા, શાળા

મને ગમે છે શાળા,

ખોલે નવી દિશાનાં તાળાં... શાળા, શાળા...

2 x 3 = 6






ગણિતને વિજ્ઞાન ભણું હું, ભણું ભૂગોળ ને ભાષા,

ને ઇતિહાસમાં હું વાચું છું માનવતાની ગાથા,

ભણી ગણીને ચારે બાજુ ફેલાવીશ અજવાળાં... શાળા, શાળા...



ભણતરથી જીવન મ્હેકે છે, ફૂલથી આંગણ મહેકે,

શાળાનો ડંકો વાગે ને, મનનો મોરલો મહેકે,

ભણતરથી દુ:ખ હટશે, બનશે ઘરમાં સુખના માળા... શાળા, શાળા...



બા, બાપુજી, ફૈબા સહુ જાણે ભણતરનો મહિમા,


આ છે દીવાદાંડી ચીંધે મારગ મુશ્કેલીમાં,

ભણતરનો મંતર ટાળે છે, દુ:ખના વસમા દા'ડા... શાળા, શાળા...

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: દીપ પ્રાગટય ::





શુભં કરોતુ કલ્યાણં

આરોગ્યં ધન સંપત

શત્રુ બુદ્ધિ વિનાશાય

દીપ જ્યોતિ નમોસ્તુને ॥

દીપ જ્યોતિ પરઃ બ્રહ્મ

દીપ જ્યોતિ જનાર્દન

દીપો હરતુ મે પાપં

દીપ જ્યોતિ નમોસ્તુતે ॥



શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: પ્રાર્થના ::

પ્રભુ તારું મંદિર તો આ જગનો સહારો છે. (૨)
સુખીયા કે દુખિયાનો, મારો વાલો સહારો છે.
પ્રભુ તારું મંદિર...

મોહ અને માયાના, અહીં વાદળ છવાયા છે. (૨)
એમાં પ્રભુ પ્રતિમાની, સૌને ધર્મ પ્રમાણે છે.
પ્રભુ તારું મંદિર...

મારા અને તારામાં, સૌ જીવન ગુમાવે છે. (૨)
મારું કહે તે મરે, પ્રભુ તારું કહે તે તરે.
પ્રભુ તારું મંદિર...

આ તો રંગીલી દુનિયા, પ્રભુ આમતેમ બોલે છે (૨)
પ્રભુ સાચો સહારો છે, જે અંતર ખોલે છે.
પ્રભુ તારું મંદિર...



શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: સર્વધર્મ પ્રાર્થના ::

પ્રાણીમાત્રને રક્ષણ આપ્યું, માન્યા પોતા સમસહુને
પૂર્ણ અહિંસા આચરનારા, નમન તપસ્વી મહાવીરને

જનસેવાના પાઠ શીખવ્યા, મધ્યમ માર્ગ બતાવીને
સંન્યાસીનો ધર્મ ઉજાળ્યો, વંદન કરીએ બૂધ્ધતને

એક પત્નીવ્રત પૂરણ પાળ્યું, ટેક વરણી છે જીવતરમાં
ન્યાયનિતિમય રામ રહે જો, સદા અમારા અવતરમાં

સઘળાં કામો કર્યા છતાયેં, રહ્યા હંમેશા નિર્લેપી
એવાયોગી કૃષ્ણ પ્રભુમાં, રહેજો અમમનકા ખૂંપી

પ્રેમરૂપી પ્રભુ પુત્ર ઈશુ જે, નમા સિધુને વંદન હો
રહમ-નેકીના પરમ પ્રચારક, ઈજરત મહંમદ રહો

જરથોસ્તીના ધર્મગુરુની, પવિત્રતા ઘટમાં વ્યાપો
સર્વધર્મ સંસ્થાપક સ્મરણો, વિશ્વશાંતિમાં ખપ લાગો



શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: પ્રાર્થના ::

ઓ કરુણાના કરનારા, તારી કરુણાનો કોઈ પાર નથી,

ઓ સંકટના હરનારા, તારી કરુણાનો કોઈ પાર નથી,

ઓ કરુણાના...

જો પાપ કર્યા છે, એવા હું ભૂલ્યો તારી સેવા,

મારી ભૂલોના ભરનારા, તારી કરુણાનો કોઈ પાર નથી,

ઓ કરુણાના...

મને જડતો નથી કિનારો, મારો ક્યાંથી આવે આરો,

મારા સાચા સેવન શરા, તારી કરુણાનો કોઈ પાર નથી,

ઓ કરુણાના...

હું અંતરમાં થયો રાજી, ખેલ્યો છું અવળી બાજી,

સવળી–સવળી કરનારા, તારી કરુણાનો કોઈ પાર નથી,

ઓ કરુણાના...



શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: પ્રાર્થના ::

તુ પ્યાર કા સાગર હૈ (૨)

તેરી એક બુંદ કે પ્યાસે હમ... તું પ્યાર...

લૌટા જો દિયા તુને,
ચલે જાયેંગે જહાસે હમ (૨) તું પ્યાર...

ઘાયલ મનકા પાગલ પંછી,
ઉઠને કો બેકરાર (૨) તું પ્યાર...

પંખ હૈ કોમલ આંખ ધૂંધલી,
જાતા હૈ સાગર પાર (૨) તું પ્યાર...

અબ તુહી ઈસે સમજા,
રાહ ભૂલે થે કહાં સે હમ તું,
ઈધર ઝુમકે ગાયે જિંદગી,
ઉદાર હૈ મૌત ખડી (૨) તું પ્યાર...

કોઈ કયા જાને કહા હે સીમા,
ઉલઝન આ ન પડી,
કાનો મેં ઝરા કહ દે,
કી આપે કૌન દિશા રોહજા,
તુ પ્યાર કા...



શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: પ્રાર્થના ::

એવી તારી ભક્તિ દઈ દે કરુણાના સાગર,
અંતરની મસ્તી મારી ક્યારે ન જાય,
એવી તારી ભક્તિ...

એવા સ્મૃતિના સંગે રંગી દે એવા રંગે,
વ્યક્તિનો તાર ન તૂટે વ્યક્તિનો પ્રાણના છૂટે,
મુક્તિનું માત તમારું જીવન બનો (૨)
એવી તારી ભક્તિ...

નિર્દોષ બુદ્ધિમાં મ્હાલું, સહમાં હું તુજને પામું,
મૂર્તિની મસ્તીમાણું, પ્રાપ્તિના કૈકનું લ્હાણું,
તારી પ્રશંસા કાજે ગમતું હું મુકાય (૨)
એવી તારી ભક્તિ...

નરસિંહની મસ્તી માણું તગની મીરાની રાચું,
શબરીની આશા માણું ધ્રુવજીનો ત્યાગ રાચું,
પાગલ થઈને દુનિયા હાસી ઉડાવે (૨)
એવી તારી ભક્તિ...



શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: ભજન ::

## જીવન તમે એવું જીવો

જીવન તમે એવું જીવો અજવાળી રાતના જેવું,
બની કોઈના દિલને દિવો અજવાળી રાતના જેવું,


અવસર મળ્યો છે મજાનો, ભરી લ્યો ભકિતનો ખજાનો,
અંતે તું એકલો જવાનું, સાથે તું શું લઈ જવાનો,

મરજીવા થઈને જીવો, અજવાળી રાતના જેવો,
જીવો બીજાને જીવાડો, ભૂલ્યાને પંથ બતાવો,

દેજો બીજાને સહારો, સફળ થશે જનમારો,
પીણું તમે એવું પીવો, અજવાળી રાતના જેવો.

આંધી તૂફાનો આવશે, કાંટાને કાંકરા વાગશે,
દિવાને બળતો તું રાખજે, જીવનમાં હિંમત નકારજે.

ભકત દયા દિલમાં થશે, અજવાળી રાતના જેવો,
જીવન તમે એવું જીવો, અજવાળી રાતના જેવો.




શ્રી ગોરાણા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: <u>ભજન</u> ::

## <u>શંભુ ચરણે પડી</u>



શંભુ ચરણે પડી માંગુ ઘડીએ ઘડી કષ્ટ કાપો,
દયા કરી દર્શન શિવ આપો.

તમે ભક્તોના દુઃખ હરનારા, શુભ સર્વનું સદા કરનારા,
હું તો મંદ મતિ તારી અકળગતિ દુઃખ કાપો,
દયા કરી દર્શન શિવ આપો.

અંગે ભસ્મ સ્મશાનની ચોળી સંગ રાખો સદા ભૂત ટોપા,
ભાલે તિલક કર્યુ, કંઠે વિષ ધર્યુ અમૃત આપો,
દયા કરી દર્શન શિવ આપો.

નેતિ-નેતિ જયાં વેદ કહે છે, મારું ચિતડું જવા ત્યાં ચાહે છે,
સારા જગમાં છે તું, વસુ તારામાં હું શકિત આપો,
દયા કરી દર્શન શિવ આપો.

શ્રી ગોવાણા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

હું તો એકલ પંથ પ્રવાસી, છતાં આતમા કેમ ઉદાસી,

થાક્યો મથી રે મથી કારણ મળતું નથી સમજણ આપો,

દયા કરી દર્શન શિવ આપો.

આપો દષ્ટિમાં તેજ અનોખું, સારી સૃષ્ટિમાં શિવરૂપે દેખું,

મારા મનમાં વસો આવી હૈયે વસો શાંતિ સ્થાપો,

દયા કરી દર્શન શિવ આપો.

ભોળો શંભુ ભવ દુ:ખ કાપો, નિત્ય સેવાનું શુભ ફળ આપે,

ટાળો માન મદા ગાળો સર્વ સદા શકિત આપો,

દયા કરી દર્શન શિવ આપો.




શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: ભજન ::

# પ્રભુ તારું મંદિર



પ્રભુ તારું મંદિર, પ્રભુ તારી પૂજા,

પ્રભુ તારી ભકિત અમોને ગમે છે. (૨)

જીવનમાં નિરાશાના તિમિર છવાયા

અમે સ્વાર્થવૃતિના સહસે છવાયા

આવ્યો છું તારે શરણે તમારે

લાવી દો નૈયા પ્રભુજી કિનારે

પ્રભુ તારું મંદિર...



તમે છો દયાળું તમારે સહારે

શીશ આ ઢાળું તને એક ભાળું


આ... આ... (૨)

ભવોભવ ભટકું મળે ન કિનારો

તારા વિના પ્રભુ કોઈના સહારો

ભટકે છે રાહી બનો માર્ગદાયી

પ્રભુ તારું મંદિર...



શ્રી ગોવાણા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN



# :: ભજન ::

## જયોત સે જયોત




જયોત સે જયોત જગાતે ચલો,
પ્રેમકી ગંગા બહાતે ચલો (૨)



રાહ મેં આયે જો દીન દુઃખી,
સબકો ગલે સે લગાતે ચલો (૨)
પ્રેમ કી ગંગા...

જિસકા ન કોઈ સંગી સાથી ઈશ્વર હૈ રખવાલા,
જો નિર્ધન હૈ જો નિર્બલ હૈ વો હે પ્રભુ કા પ્યારા,
પ્યાર કે મોતી લુટાતે ચલો,
પ્રેમ કી ગંગા...




પ્રેમકી આશા તૂટી મમતા,
રૂઠી છૂટ ગયા હે કિનારા,
બંધ કરો મત દ્વાર દયા કા દે દે ઉસકો સહારા,
દીપ દયા કા જલાતે ચલો,
પ્રેમ કી ગંગા...

શ્રી ગેવાડા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN


# :: ભજન ::

# હે મહેલોના વાસી





હે મહેલોના વાસી ગરીબી શું જાણે ?
દુખિયાના દુ:ખને સુખિયા શું જાણે ?
ચકોરીની પ્રીતને કાગ શું જાણે ?
હે મહેલોના...



સંગીતના સૂરને બહેરા શું જાણે ?
ચંદાના તેજને અંધા શું જાણે ?
હે મહેલોના...
ભૂખ્યાની હાલતને જમેલા શું જાણે ?
ડૂબતાની હાલતને તરતો શું જાણે ?
હે મહેલોના...




બહેનોની પ્રીતને ભાઈઓ શું જાણે ?
વિધવાના આસુંને નવોઢા શું જાણે ?
હે મહેલોના...

શ્રી ગોવાણા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: ભજન ::

# વિધિના લખ્યા લેખ



વિધિના લખ્યા લેખ લલાટે

ઠોકર ખાય ખાય ખાય

શ્રવણ કાવડ લઈને ફરતો

સેવા માતા પિતાની કરતો

તીરથે તીરથે ડગલા ભરતો જાય જાય જાય

સેવા માતા પિતાની કરતો

શ્રવણ ચાલ્યો પાણી ભરવા

ઘડૂલીયો ડૂબતા મૃગના જેવા શબ્દો થાય

દશરથ મૃગલે રમતે આવે

મૃગલે ધારી બાણ ચલાવે

બાણે શ્રવણનો જીવ જાય ઠોકર ખાય


અંધ માતા પિતા ટળવળતા

દીધો શ્રાપ જ મરતા મરતા

દશરથ પુત્ર વિયોગે કરતા એ તો રામ

અમૃત કહે છે દુ:ખના દરિયા ઉભરાય જાય

વિધિના લેખ લલાટે સાચા થાય



શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: ભજન ::

## રાજા જનક ઘરે માંડવો

**રાજા જનક ઘરે માંડવો સાહેબડી**
**રાજા જનક ઘરે માંડવો.**



હારે આવ્યા મોટા–મોટા ભૂપ,
આવ્યા મોટા મોટા ભૂપ,
રાજા જનક ઘરે માંડવો.

**લંકા તે ગઢથી રાવણ આવીયો સાહેબડી,**
**સીતાજીના તાત એમ બોલીયા સાહેબડી,**
**ધનુષ્ય ઉપાડો કોણ રાજવી સાહેબડી,**
**હારે તને આપું કન્યાદાન આપું કન્યાદાન,**
**રાજા જનક ઘરે માંડવો.**




ક્રોધ કરીને રાવણ ઉઠયો સાહેબડી,
ક્રોધ કરીને રાવણ ઉઠયો,
સીતાજીના તાત એમ બોલીયા સાહેબડી,
હવે કરવો શો ઉપાય મારે કરવો શો ઉપાય,
રાજા જનક ઘરે માંડવો.

**ઋષિની આજ્ઞાથી રામ ઉઠયા સાહેબડી,**
**ધનુષ્યના કર્યા બે કટકા સાહેબડી,**
**હારે જોવા રઘુપતીના રૂપ જોવા રઘુપતિના રૂપ,**
**રાજા જનક ઘરે માંડવો...**




**શ્રી ભેંસાણા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર**

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: <u>ભજન</u> ::

## <u>તું રંગાઇ જાને રંગમાં</u>



તું રંગાઈ જાને રંગમાં, તું રંગાઈ જાને રંગમાં,

સીતારામ તણા સત સંગમાં,

રાધેશ્યામ તણા તું રંગમાં. તું રંગાઈ ...



આજે ભજશું, કાલે ભજશું,

ભજશું સીતારામ, ક્યારે ભજશું રાધેશ્યામ. તું રંગાઈ ...

શ્વાસ ખૂટશે, નાડી તુટશે,

પ્રાણ નહીં રે તારા અંગમાં રંગાઈ. તું રંગાઈ ...

જીવ જલશે ઝાઝું જીવશું,

મારું છે નામ, તારું અમર કરી લો નામ. તું રંગાઈ ...

શ્રી ગોવાણા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

તેંડુ આવશે, જમનું જાણશે,

જવું પડશે સંગમાં રંગાઈ જાને. તું રંગાઈ ...

સૌ જીવ કહેતા પછી પીસું પેલા,

મેળવીલોને દામ રહેવાના કરીલો કામ. તું રંગાઈ ...

પ્રભુ પડયા છે કયા રસ્તામાં,

સીજન કહેંત સંગમાં. તું રંગાઈ ...

ઘડપણ આવશે ત્યારે ભજીશું,

પેલા ઘરના કામ તમામ કરીશું અતિમરામ,

આતમકેરો ઉડી જશે રે તારું શરીર રહે પલંગમાં. તું રંગાઈ ...

બત્રીસ ભાતના ભોજન જમશું,

પેલા અમર કરી લો નામ. તું રંગાઈ ...

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: <u>ભજન</u> ::

# <u>પાયોજી મેને</u>



પાયોજી મેને રામરતન ધન પાયો,

વસ્તુ અમૌલિક મેરે સતગુરુ,

કિરપા કર અપનાયો. પાયોજી...

જનમ જનમ કી પુંજી પાઈ,

જગમે સભી ખોવાયો. પાયોજી...

ખરચ ન ખૂટે, ચોર ન લૂટે,

દિન-દિન બઢત સવાયો. પાયોજી...



સતકી નાવ ખેવૈયા સતગુરુ,

ભવસાગર તર આયો. પાયોજી...

મીરા કહે પ્રભુ ગિરધર નાગર,

હરખ હરખ જસ ગાયો. પાયોજી...

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

## :: <u>ભજન</u> ::

# <u>પિંજરે કે પંછી રે</u>


પિંજરે કે પંછી રે,

તેરા દર્દ ન જાને કોઈ,

બાહાર સે તું ખામોશ રહે તું,

ભીતર ભીતર રોયે રે,

હે ભીતર ભીતર. તેરા દર્દ...



કહ ન શકે તું અપની કહાની,

તેરી પંછી કયા જિંદગાની રે,

વિધિને તેરી કયા લીખી,

આસુ મેં કબમ કબોય. તેરા દર્દ...

ચુપકે ચુપકે રોને વાલે,

રખના છિપાકે દિલકે ખયાલે,

યે પથ્થર કા દેશ હૈ,

પગલે કોઈ ન તેરા હોય. તેરા દર્દ...

પીંજરે કે...

શ્રી બેરાજા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: <u>ભજન</u> ::

# <u>સોનાને લાગે ક્યાંથી કાટ</u>



સોનાને લાગે ક્યાંથી કાટ,

સંસારી મનવા સોનાને લાગે ક્યાંથી કાટ (૨)

લોઢું આ કટાઈ જાય, તાંબુ લીરૂડું થાય,

બેનીના માયરામાં ઝાંખ છવાઈ જાય,

સોનાને હોય ના ઉજાટ,

સંસારી મનવા સોનાને લાગે ક્યાંથી કાટ.

દુનિયાના દરિયાની ખારી હવામાં રાખું,

અંગે રોપાવું અથવા કાદવ કીચડમાં નાખું,

સોનાને હોય ના કચાશ,

સંસારી મનવા સોનાને લાગે ક્યાંથી કાટ.

સોનુ ના સળતું કોઈ દિ ડુબકી ધાતુને બદલે,

બદલે ભલે એનો ઘાટ,

સંસારી મનવા સોનાને લાગે ક્યાંથી કાટ.

શ્રી ગોવાણા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: ભજન ::

# કૈસે આવુ રે કનૈયા



કૈસે આવુ રે કનૈયા તેરી ગોકુળ નગરી,

બડી દૂર નગરી,

કૈસે આવુ...

રાત કો આવું તો કાના ડર મોહે લાગે,

દિનમેં આવું તો દેખે સારી નગરી,

બડી દૂર નગરી...

સખી સાથ આવું કાના શરમ મોહે લાગે,

અકેલી આવુ તો ભૂલી જાઉં નગરી,

બડી દૂર નગરી...

જમના જલ જાઉં કાના કમર મોરી લટકે,

ઝટપટ ચાલુ તો મારી પાયલ બોલે,

બડી દૂર નગરી...


કૈસે આવું રે...

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: ભજન ::

## તમે ત્રણ વાત



તમે ત્રણ વાત રાખજો યાદ
જીવનમાં લાવવા મીઠો સ્વાદ... તમે ત્રણ...



પ્રભુને સ્મરજો શ્વાસો શ્વાસ,
સૂતાં, ઉઠતાં, જમતાં ખાસ,
જીવનને ગણજો પ્રભુનો પ્રસાદ... તમે ત્રણ...

પ્રભાતે ઉઠતાંની સંગાથ,
નિરખવો નિજનો જમણો હાથ,
સુણજો ઋષિ મુનિયોનો સાદ... તમે ત્રણ...



કરના મૂળમાં શારદા માત,
આંગળિયે લક્ષ્મી છે સાક્ષાત,
હથેળીએ હરિ વસે હયાત... તમે ત્રણ...



ભોજન માનજો પ્રભુનો પ્રસાદ
આવશે તેથી મીઠો સ્વાદ
જમતાં કરજો કનૈયાને યાદ... તમે ત્રણ...




સૂતાં પહેલાં સ્મરજો શ્રીરામ
ઈશને ખોળે ખરો આરામ
તન, મન, ધરજો પ્રભુને યાદ... તમે ત્રણ...

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: ભજન ::

## હે કરુણાના કરનારા



હે કરુણાના કરનારા

તારી કરુણાનો કોઈ પાર નથી

હે સંકટના હરનારા

તારી કરુણાનો કોઈ પાર નથી

મેં પાપ કર્યા છે એવા

હું ભૂલ્યો તારી સેવા

મારી ભૂલોના ભૂલનારા

તારી કરુણાનો કોઈ પાર નથી

હે પરમ કૃપાળુ વહાલા

મેં પીધા વિષના પ્યાલા

મારા જીવન રક્ષણ હારા

તારી કરુણાનો કોઈ પાર નથી

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN



હું અંતરમાં થઈ રાજી

ખેલ્યો છું અવળી બાજી

અવળી–સવળી કરનારા

તારી કરુણાનો કોઈ પાર નથી

મને જડતો નથી કિનારો

મારો ક્યાંથી આવે વારો

મારા સાચા ખેવન હાર

તારી કરુણાનો કોઈ પાર નથી.

છે જીવન ઉદાસી

તારે ચરણે લે અવિનાશી

રાધાના દિલ હરનારા

તારી કરુણાનો કોઈ પાર નથી

હે કરુણાના કરનારા...



WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: અભિનય ગીત ::


## બટુકભાઈ કેવડા હતા રે



બટુકભાઈ કેવડા હતા રે

બટુકભાઈ આવડા હતા રે

બટુકભાઈ આવડા હતા રે




બટુકભાઈ કેમ કરી રોટલી વણતા'તા

બટુકભાઈ આમ કરી રોટલી વણતા'તા

બટુકભાઈ આમ બટુકભાઈ આમ

બટુકભાઈ આમ આમ આમ...



બટુકભાઈ કેમ કરી પતંગ ચગાવતા'તા


બટુકભાઈ આમ કરી પતંગ ચગાવતા'તા

બટુકભાઈ આમ બટુકભાઈ આમ

બટુકભાઈ આમ આમ આમ...

બટુકભાઈ કેમ કરી સાયઈલ ચલાવતા'તા

બટુકભાઈ આમ કરી સાયકલ ચલાવતા'તા



બટુકભાઈ આમ બટુકભાઈ આમ

બટુકભાઈ આમ આમ આમ...

બટુકભાઈ કેવડા હતા રે...

શ્રી ગોવાણા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: બાળગીત ::

# એક મજાનું ફૂલ



એક મજાનું ફૂલ હતું ઝમરે ઝાઝરીયા



ફૂલની મેતો માળા બનાવી ઝમરે ઝાઝરીયા

માળા મે તો ગાયને પહોંચાવી ઝમરે ઝાઝરીયા

ગાયે મને દૂધ આપ્યું ઝમરે ઝાઝરીયા

દૂધની મેતો ખીર બનાવી ઝમરે ઝાઝરીયા

ખીર મે તો ભાભીને ચખાડી ઝમરે ઝાઝરીયા

ભાભીએ મને રૂપિયા આપ્યા ઝમરે ઝાઝરીયા

રૂપિયાની મે તો સાડી લઈ આવી ઝમરે ઝાઝરીયા



સાડી પહેરી સાસરે જાશું ઝમરે ઝાઝરીયા

સાસરે જાતાં રુંગવું આવે ઝમરે ઝાઝરીયા

એક મજાનું ફૂલ હતું ઝમરે ઝાઝરીયા

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: અભિનય ગીત ::

## ઋમઝૂમ ઋમઝૂમ એકડો

1

રૂમઝૂમ રૂમઝૂમ એકડો નાચે
બગડો વાયોલીન બજાવે છે
રૂમઝૂમ રૂમઝૂમ બગડો નાચે

૨

૩

તગડાએ એક તારો લીધો
સંગીત સૂર રેલાવે છે
રૂમઝૂમ રૂમઝૂમ તગડો નાચે

ચોગડો સ્વભાવે ચાંગડા કેરો
મનમાં ગણગણ ગાવે રે
રૂમઝૂમ રૂમઝૂમ ચોગડો નાચે

૪

૫

પાંચડા ભાઈતો વચલ કરીને
રસમાં રંગત લાવે રે
રૂમઝૂમ રૂમઝૂમ પાંચડો નાચે

છગડાભાઈ તો છાનામાના
મનમાં ગણ-ગણ ગાવે રે
રૂમઝૂમ રૂમઝૂમ છગડો નાચે

૬

૭

સાતડા કેરો સાત સૂરોથી
સંગીત સૂર રેલાવે રે
રૂમઝૂમ રૂમઝૂમ સાતડો નાચે

ખંજરી હતી આઠડા પાસે
નવડો ઢોલ વગાડે રે
રૂમઝૂમ રૂમઝૂમ આઠડો નાચે

૮, ૯

૧૦


દસ રહ્યાભાઈ સૌથી છેલ્લે
જોરથી તાલી બજાવે રે
રૂમઝૂમ રૂમઝૂમ એકડો નાચે

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: બાળગીત ::

## કાળી કાળી મીંદડી



કાળી કાળી મીંદડી આવીને ગઈ

એ તો મારા ભૈલાનું દૂધ પી ગઈ

બા મારી તો પાણીડા ગઈ તી

હું તો મારા ભૈલાને હિંચકાવતી'તી

ત્યાં તો રસોડામાં ખખડયું કંઈ

કાળી કાળી...



બે ઉંદર મામા ચૂ ચૂ કરતા

રાત આખી તો ખડબડ કરતા

બિલ્લી બેઉને ભરખી ગઈ

કાળી કાળી મીંદડી આવીને ગઈ




શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: બાળગીત ::

# પશા પટેલના ખેતરમાં




પશા પટેલના ખેતરમાં તો, ખેતરમાં

મજા મજા ભાઈ મજા મજા... પશા પટેલ

છાણનું તો ખાતર નાખ્યું

હળથી તો ખેતર ખેડયું


સારા સારા દાણા વાવ્યા... મજા મજા...



ઝરમર ઝરમર મેહુલો આવશે

ખેતર આખું લીલુછમ થાશે

મોતી મૂઠ શા ડૂંડા ઘટશે... મજા મજા...




દાણા ખાવા પંખી આવશે

ચકલી આવશે, ચીં ચીં કરશે

કાગડો આવશે, કા કા કરશું

ચાડિયો મોટા ડોળા બતાવશે... મજા મજા...

પશાભાઈ...



શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: બાળગીત ::

# સૂઈજા મારી ઢીંગલી રાની



સૂઈજા મારી ઢીંગલી રાની
પરણાવીશું કાલે
કેમ રડે તું ઢીંગલી રાણી
ઉતરે આસું ગાલે
દરવાજે તો વાગશે વાજા
સાજન માજન આવશે ઝાઝા
સૌથી આગળ ઢીંગલો રાણો
હાલું... હાલું હાકે કેમ...
જાનૈયા તો આગળ આવી
ચાંદલો કરશે ભાલે
ઢીંગલી તો કાલે સવારે જાશે
સખીઓ ગીતો ગાશે




શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: અભિનય ગીત ::

## માડી મને મેલવા હાલ




માડી મને મેલવા હાલ
મારે નિહાળે જાવું છે.
ગામના છોરા ભણવા હાલ્યા
મારે નિહાળે જાવું છે
એકડો પાડ્યો, બગડો પાડ્યો
તગડો હું તો ભૂલી ગયો
ચોગડો પાડ્યો પાંચડો પાડ્યો
છગડો મેં તો સવળો પાડ્યો
માડી મને મેલવા હાલ...
સાતડો મને સારો લાગે
આઠડો જાણે કોદાળી
નવડો પાડી નાઠો ઘેર
એકડા હારે મીંડું મેલ
એકડા મીંડે દસ થાય
માડી મારી ખુશ થાય
માડી મને મેલવા હાલ
મારે નિહાળે જાવું છે


શ્રી ભેલાણા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: બાળગીત ::

# આવો પારેવા આવોને ચકલા





આવો પારેવા આવોને ચકલા

ચોકમાં દાણા નાખ્યા છે

આવો પોપટજી મેનાને લાવજો

ચોકમાં દાણા નાખ્યા છે



આવો કાબરબાઈ કલબલ ના કરશો

ચોકમાં દાણા નાખ્યા છે



બંટીને બાજરો, ચોખાને બાવટો

ચોકમાં દાણા નાખ્યા છે

ધોળી છે જારને ઘઉં છે રાતડાં

ચોકમાં દાણા નાખ્યા છે

નિરાંતે ખાજોને નિરાંતે ખૂંદજો

ચોકમાં દાણા નાખ્યા છે

બિલ્લી નહીં આવે, કૂતરો નહીં આવે

ચોકમાં દાણા નાખ્યા છે.

ચકચક કરજોને કટકટ કરજો

ચોકમાં દાણા નાખ્યા છે

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર


WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: બાળગીત ::

# બા મેં તો બાગમાં



બા મેં તો બાગમાં બાંધી નિશાળ
ભણાવાને આવે છે ચકલીઓ ચાર
બા મેં તો...



વચમા ને વચમાં પોપટ બેસાડું
વટમાં ને વટમાં સીટી વગાડું
સીટી વગાડતાં લાગે નહીં વાર
બા મેં તો...



નાની ખિસકોલી ભણવામાં પહેલી
આવે છબીલી સૌથી એ છેલ્લી
જરા ન બોલે એ તો સૌથી શરમાળ
બા મેં તો...



કલબલી કાબરને છેલ્લે બેસાડું
કચકચ કરે તો એને આંખો દેખાડું
ખોટું હું એને મારું ના માર
બા મેં તો...

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: બાળગીત ::

# મને આભલે ચમકતો




મને આભલે ચમકતો ચાંદલો ગમે
એની આસપાસ નાના મોટા તારા રમે… મને



મને શિયાળે સૂરજનો તડકો ગમે
એની આસપાસ મારો પડછાયો રમે… મને

મને ઉનાળે સંધ્યાની સોબત ગમે
એની આસપાસ લાલ પીળાં રંગો રમે… મને





મને ચોમાસે વીજના ચમકારા ગમે
એની આસપાસ ઘનઘોર વાદળી રમે… મને

મને ધરતીના ખોળે ઉગ્યા છોડવા ગમે
એની આસપાસ, પાંદડાને ફૂલો રમે… મને






મને માનવ મ્હેરામણના મેળા ગમે
એની આસપાસ નાના મોટા છોરાં રમે… મને

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: અભિનય ગીત ::

## હમ હાથી કો



હમ હાથી કો ગિનતી શિખાયેંગે (૨)

1

બોલ હાથી એક

અરે બોલને હાથી એક

તુઝે મિલેંગી કેક

થોડી હમ ખાયેંગે, થોડી તુમ ખાઓગે (૨)

હમ હાથી કો...

2

બોલ હાથી દો અરે બોલને હાથી દો

તુઝે મિલેગા ઢોલ (૨)

થોડા હમ બજાયેંગે થોડા તુમ બજાઓગે (૨)

હમ હાથી કો...

3

બોલ હાથી તીન

તુઝે મિલેંગી બીન

થોડી હમ બજાયેગે, થોડી તુમ બજાઓગે (૨)

હમ હાથી કો...

શ્રી બેરાજા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

બોલ હાથી ચાર

અરે બોલને હાથી ચાર

તુઝે મિલેગી કાર

થોડી હમ ચલાયેંગે થોડી તુમ ચલાઓગે (૨)

હમ હાથી કો...

બોલ હાથી પાંચ

અરે બોલને હાથી પાંચ

ચલ જરા સા નાચ

થોડા હમ નાચેંગે, થોડા તુમ નાચોગે (૨)


હમ હાથી કો...



WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: અભિનય ગીત ::

# રે મામા રે મામા રે મામા



રે મામા રે મામા રે મામા રે

હમ તો ગયે બાજાર મેં લેને કો લડું (૨)

લડુ લડુ કુછ ના મિલા પીછે પડા ટટું

રે મામા...



હમ તો ગયે બાજાર મેં લેને કો રોટી (૨)

રોટી–બોટી કુછના મિલા પીછે પડી મોટી

રે મામા...



હમ તો ગયે બાજાર મેં લેને કો આલું (૨)

આલુ–બાલુ કુછ ના મિલા પીછે પડા ભાલું


રે મામા...

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: સ્વાગત ગીત ::

# મોંઘા મહેમાનને



મોંઘા મહેમાનને હો અમે સત્કારીએ (૨)
અંતરના ઉમળકે હો આપને વધાવીએ
મોંઘા...



પાવન પધરામણી ભલે થઈ આપની
નાજુક આ ફૂલડા હો આપને ચઢાવીએ
મોંઘા...

ભલે પધાર્યા આપ અમ આંગણે
સાંભળી સંબોધનને હો અંતરમાં ઉતારીએ
મોંઘા...



ગામડાની બાળાઓ અમે નાનકડી
સ્વાગતની રીતમાં હો અમે શું જાણીએ
મોંઘા...




મોંઘા મહેમાન જોઈ અંતરમાં ઠરીએ
ભાવભર્યા ગીતડે હો અમે રીઝવીએ
મોંઘા...

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: સ્વાગત ગીત ::

## વાગે રુમઝુમ



વાગે રુમઝુમ રુમઝુમ પાયલ ઘુઘરુ (૨)

સ્વાગત કરું તો મારું નાચે મનડું (૨)

કંકુ કેસરના મેં તો સાથિયા પૂર્યા (૨)

મોતીડે મેં તો ચોક ભર્યા (૨)

વાગે...



ગામમાં આજે પધારેલા મહેમાનોને

વંદન વારંવાર (૨)

વાગે...



આવી દીપાવો તમે આવી દીપાવો (૨) ગામ

સ્વાગત...

વાગે રુમઝુમ

આવી પાવન કરો આવી પાવન કરો ગામ (૨)

સ્વાગત કરું તો મારું રાચે મનડું




શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: <u>સ્વાગત ગીત</u> ::

# <u>આંગણે પધારો અતિથી</u>



આંગણે પધારો અતિથી અમારા (૨)

સ્નેહથી સ્વીકારો સન્માન અમારા (૨)

આસોપાલવનાં તોરણ બંધાવ્યા (૨)



હૃદય કોમળથી આપને વધાવ્યા (૨)

હર્ષ ઘેલા બાળ અમે આજ તમારા (૨)

અંતરના ભાવ છે અપૂર્વ અમારા (૨)



દિલનાં દિપક છે આજે પ્રગટાવ્યાં (૨)

આશા ઘેલા થઈને આવ્યા અમે બાળ (૨)




સ્નેહથી સ્વીકારો સન્માન અમારા (૨)

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: સ્વાગત ગીત ::

# શુભ દિન આવ્યો



શુભ દિન આવ્યો... આયો રે...
સોનેરો સૂરજ ઉગ્યો આંગણે (૨)
સહજ કટોરે મેં કેસર ઢોળી
ચંદન કા તિલક લગાયા (૨)
સોનેરો... શુભ દિન...



માનવંત મહેમાનો પે ફૂલ બરસાયે
મંગલ ગીત સુનાયે...
અમર હો ગયે જગમે નામ રે...
સોનેરો... શુભ દિન...




માનવંત મહેમાનો કે ચરણ પડે હૈ (૨)
માનો કે ચંદમા કે કિરણ ઢલે હૈ
આપ તો હમારે હૈ મહેમાન રે...
સોનેરો... શુભ...



શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: ભજન ::



જૂનું તો થયું રે દેવળ,

જૂનું તો થયું,

મારો હંસલો નાનો ને,

દેવળ જૂનું તો થયું ...મારો

આરે કાયા રે હંસા,

ડોલવાને લાગી રે,

પડી ગયા દાંત માયલી,

રેખું તો રહ્યું ...મારો

તારે ને મારે હંસા,

પ્રીત્યું તો બંધાણી રે,

ઊડી ગયો હંસ,

પીંજર પડી તો રહ્યું ...મારો

બાઈ મીરાં કહે પ્રભુ,

ગિરધરના ગુણ,

પ્રેમનો પિયાનો તમને,

પાઉં ને પીઉં ...મારો

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: ભજન ::



મૈયા મોરી મૈં નહીં માખન ખાયો,

ભોર ભયે ગૈયન કે પાછે,

મધુબન મોહિ પઠાયો.

ચાર પહર બંસીબન ભટકયો (૨)

સાંજ પડે ઘર આયો ... મૈયા...

મૈં બાલક બહિન કો છોટો,

છીંકો કેહિ બિધ પાયો.

ગ્વાલ બાલ સબ બૈર પરે હૈં,

બરબસ મુખ લપટાયો ... મૈયા...



તું જનની મતિકી અતિ ભોરી,

ઈનકે કહે પતિપાયો,

જિય તેરે કછુ ભેદ ઉપજત હૈ,

જાનો પરાયો જાયો ... મૈયા...

યહ લૈ અપની લકૂટી કમરિયા,

બહુત હી નાચ નચાયો,

સુરદાસ તબ બિહસી જશોદા,

લૈ ઉર કંઠ લગાયો ... મૈયા...

શ્રી ગોવાણા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: ભજન ::



ઊંચી મેડી તે મારા સંતની રે,

મેં તો મ્હાલી ન જાણી રામ,

હો રામ... હો રામ ...ઊંચી

અમને તે તેડાં શીદ મોકલ્યાં ?

હે મારો પિંડ કાચો રામ,

મોંઘા તે મૂલની મારી ચૂંદડી,

પ્રભુ પહેરી ન જાણી રામ... હો રામ ...ઊંચી

અડધા પહેર્યા, અડધા પાથર્યા,

અડધા ઉપર ઓઢાડ્યાં રામ,

ચારે છેડે તે ચારે જણા,

દોરી ડગમગ જાયે રામ... હો રામ ...ઊંચી

નથી તરાપો, નથી તૂંબડાં,

હે નથી, ઉતર્યાનો આરો રામ,

નરસિંહ મહેતાના સ્વામી શામળા,

પ્રભુ પાર ઉતારો રામ... હો રામ ...ઊંચી

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: ભજન ::

મેરુ રે ડગે જેના, મન નો ડગે,
મરને ભાંગી રે પડે ભરમાંડ રે ...મેરુ રે

વિપદ પડે પણ વણસે નહિ,
ઈ તો હરિજનનાં પરમાણ રે ...મેરુ રે



ભાઈ રે ! હરખ ને શોકની,
ના'વે જેને હેડકીને,
શીશ તો કર્યા કુરબાન રે,
સતગુરુ વચનમાં શૂરા થઈ ચાલે,
જેણે મેલ્યાં અંતરનાં માન રે ...મેરુ રે


ભાઈ રે, નિત્ય રે'વું સતસંગમાં ને,
જેને આઠે પોરે આનંદ રે,
સંકલપ-વિકલપ એકૈ નહીં ઉરમાં,
જેણે તોડી નાખ્યો માયા કેરો ફંદ રે ...મેરુ રે

ભાઈ રે, ભગતિ કરો તો એવી રીતે કરજો પાનબાઈ,
રાખજો વચનમાં વિશ્વાસ રે,
ગંગાસતી એમ બોલિયા,
તમે થાજો સત્ ગુરુજીના દાસ રે ...મેરુ રે

શ્રી ગોવાણ્યા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: ભજન ::



કાળજા કેરો કટકો મારો, ગાંઠથી છૂટી ગયો,

મમતા રુવે જેમ વેળુમાં-વિરડો ફૂટી ગયો,

બાંધતી અંબોડલો (ઈતો) મરને છૂટી ગયો,

રાહ બનીને ઘુમટો મારો, ચાંદને ગળી ગયો ...કાળજા

ડુંગરા જેવડો ઉમરો (એણે) માંડ માંડ ઓળંગ્યો,

આંબલી, પીપળી ડાળ બોલાવે, એક વાર સામું જો ...કાળજા

જે ઘરમાં ધુબકા દેતી, આરો આણીધો,

ડગલે ડગલે મારગ એ તો, સો સો ગાઉનો થ્યો ...કાળજા

જાન ગઈ નિજ મારગડે, સુનો માંડવડો

ઢાળથી હેઠી ઉતરી દોડી, દાદા હું જોતો રહ્યો ...કાળજા

શ્રી ભેવાણા પ્રાથમિક શાળા, તાલુકો : ધ્રાફા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: ગઝલ ::



ખોબો ભરીને અમે એટલું હસ્યા

કે કૂવો ભરીને રોઈ પડયા ...(ર)

ખોબો ભરીને અમે એટલું હસ્યા

ખટમીઠાં સપનાઓ ભૂરાં ભૂરાં

કુંવારા સોળ વરસી તૂટાં તૂટાં

અમે ધૂમ્મસના દરિયામાં એવાં ડૂબ્યાં

કે હોઈ ખડગ થઈ અમને નડયા

ખોબો ભરીને અમે એટલું હસ્યા

કયાં છે વીંટી અને કયાં છે રૂમાલ

જૂરવા કે જીવવાનો કયાં છે સવાલ

કૂવો ભરીને અમે એટલું રડયાં

ખોબો ભરીને અમે મોહીં પડયાં

ખોબો ભરીને અમે એટલું હસ્યા

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: આઝાદી દિન ગીત ::



આવ્યો આઝાદીનો દિન

આજ મારે આવ્યો આઝાદીનો દિન

બંધન ગુલામીના તૂટી ગયાને

ગાઓ આઝાદીના ગાન

આનંદના ઘરેઘર દીવડાં પ્રગટાવો

નાચો, કૂદો ને આજ કરો ગુલતાન ...આવ્યો

વંદન કરો આજ રાષ્ટ્રના એ ધ્વજને

શહીદોની શાનને વરસાવો વહાલ આજ

ભારત માતાના આજ ગુણલાં ગાઓ ...આવ્યો

આઝાદી મેળવીને આબાદી લાવશું

મહેનત કરીને હવે હરિયાળી લાવશું

પારકી આશાને હવે છોડી દઈશું ...આવ્યો

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: રક્ષાબંધન ગીત ::

ભૈયા મેરે રાખી કે બંધન કો નિભાના,

ભૈયા તેરી છોટી બહેન કો ન ભૂલાના ...ભૈયા



બાંધ કે હમને રેશમ કી દોરી,

તુમસે હૈ વહ છાંએ પે છોડી,

દેખો યે નાતા નિભાના નિભાના ...ભૈયા

ભાઈ કે ઉજલે માથે પર,

બહન લગાયે મંગલ ટીકા,

જાને યે સારા જમાના જમાના ...ભૈયા

બહન પરાયે દેશ બસી હો,

અગર વો તુમ તક પહુંચ ન પાયે,

યાદ કા દીપક જલાના જલાના ...ભૈયા

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: બાળગીત ::

મારા તે આંગણામાં મોરલિયો આવ્યો
આંગણું સોહામણું કીધું જીરે... (૨)


ચકલી, પોપટ, મેના પણ આવી,
કાગડા, કબૂતરાં આવ્યાં જી રે... મારા તે

ધાન મૂઠી નાખું ને ભેગાં સૌ થાતાં,
મેળો પંખીડાંનો જામે જી રે... મારા તે

કાગડાનું કા–કા ને ચકલીનું ચીં–ચીં,
મોરલાનો ટહુકાર થાતો જી રે... મારા તે

નાનકડી બેનડી ઉઠી પરોઢમાં,
પંખીના ગાન–પાન સાંભળે જી રે... મારા તે

મૂઠી ભરીને ચણ ભઈલો તે લાવે,
ચણવાને દોડી દોડી આવે જી રે... મારા તે



શ્રી ગોવાણા પ્રાથમિક શાળા, તાલુકો : કાલાવડ, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: દેશભક્તિગીત ::

અમે કોઈથી ન ડરીએ લગીર,

ભારતનાં બાલુડાં વીર.



હાથે બંદુક અને કેડે કટાર લઈ,

કેશરિયા વાઘામાં કોડે તૈયાર થઈ,

અમે, લડવાને થૈ ગ્યા, અધિર ...ભારતનાં

માતાની શાન અમે જાન દઈ રાખશું,

દુશ્મનનાં ટોળાંને પાછાં હંકારશું,

ધરી હૈયામાં હામ અને હીર ...ભારતનાં

ભારત માતાની સેના શોભાવશું,

ધર્મભર્યુ યુદ્ધ કરી શાંતિ સંસ્થાપશું,

રાખવા સ્વતંત્રતાને ચિર ...ભારતનાં

શ્રી ગેવાણા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: બાળગીત ::

અમે ફેર ફૂદરડી રમતા'તા ...અમે

ફેર ફૂદરડી ફરતા–ફરતા,
બેસી જવાની કેવી મઝા ...અમે



અમે સાત તાળી રમતા'તા,
અમે દોટંદોટા કરતા'તા,
દોટં દોટા કરતાં, કરતાં,
ઉભા રહેવાની કેવી મઝા ...અમે


અમે સંતાકૂકડી રમતા'તા,
અમે ખોળં ખોળા કરતા'તા,
ખોળં ખોળા કરતા, કરતા,
શોધી લેવાની કેવી મઝા ...અમે

અમે આંબલી, પીપળી રમતા'તા,
અમે ઝાડે, ઝાડે ચડતા'તા,
ઝાડે ઝાડે, ચડતા, ચડતા,
કૂદી જવાની કેવી મઝા ...અમે


શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: અભિનય ગીત ::



એક હતી ચકીને એક ચકારાણા,
દિવસ ગુજારે થઈને ખૂબ શાણા,
એક દિવસની વાત છે, ભાઈ,
ચકીબેન રીસાણા છે, ભાઈ
ચકી કહે ચકાને તું જા... જા... જા



ખાઉં નહીં, પીઉં નહીં
તારી સાથે બોલું  નહીં,
તારી સાથે કિટા,
ઊંચે ઊંચે આભલામાં ઊડી ઊડી જાઉં ...એક

ચકીબેન રીસાણા, મનાવે ચકારાણા,
ફળ લાવે, ફૂલ લાવે,
લાવે મોતી દાણા,
ચકાનું મન જાણી, મલકે ચકીરાણી,
જીવન માંહી એમ એ તો,
ગાએ મીઠાં ગાણાં ...એક

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: બાળગીત ::



તું અહીંયા રમવા આવ,

મઝાની ખિસકોલી,

તું દોડ તને દઉં દાવ ...મઝાની

તું કેવી હસે ને રમે ...મઝાની

તારા કૂદકા તો બહુ ગમે ...મઝાની

તું જયારે ખીલ ખીલ ખાય ...મઝાની

તારી પૂંછડી ઊંચી થાય ...મઝાની

તારે અંગે સુંદર પટ્ટા ...મઝાની

તારી ખાવાની શી અદા ...મઝાની

તું ઝાડે ઝાડે ચડે ...મઝાની

કેવી મઝા ત્યાં પડે ...મઝાની

બહુ ચંચળ તારી જાત ...મઝાની

તું ઉંદરભાઈની નાત ...મઝાની

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: અભિનય ગીત ::



નાની મઝાની હું તો ઢીંગલી રે ઢીંગલી,
સાડી પહેરું ને લાગું ફાંકડી રે ફાંકડી,
માથે ઈંઢોણી રૂપા બેડલું રે સોહતું,
પગમાં ઝાંઝરિયાને ઘમ્મરિયો ઘાઘરો,
પે'રીને નાચું હું તો તા...તા...તા...થૈ...થૈ...

નાકે છે નથણી ને કાંડામાં ચુડલી,
ભાલે છે ટીલડી ને સેંથામાં દામણી,
કાને કુંડળ મને સોહતા રે ભઈ ...નાની



ચટકતી ચાલ, મારું મલકતું મુખડું,
રાસ રમુને, હું તો ગરબે ઘુમતી,
જૂડો, ટીંટોડો હું લેતી ને કૂદતી,
આનંદે હૈયું ભરી દેતી રે ...નાની

નાનકડા ભાઈની વહાલી, વહાલી બેનડી,
મમ્મી, પપ્પાની હું તો પ્યારી પ્યારી ઢીંગલી,
દાદાનો ખોળો હું તો રોજ રોજ ખૂંદતી,
દાદીના ખોળલામાં ખાતી રે ...નાની

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN

# :: ભજન ::



હો મારે આજની ઘડી રે રળિયામણી

હો મારો વાલો આવ્યાની વધામણી રે... મારે આજની

હાજી રે તરિયા તોરણ તે બંધાવિયા

મારા વાલાજીને મોતીડે વધાવિયા રે... મારે આજની

હાજી રે લીલા પીળા તે વાંસ વઢાવિયા

મારા વાલાજીનો મંડપ રચાવિયે રે... મારે આજની

હાજી ગંગા જમુનાના નીર મંગાવીએ

મારા વાલાજીના ચરણ પખાળિયે રે... મારે આજની

હાજી રે સોના રૂપાની થાળી મંગાવીએ

માંહે ચમકતો દીવડો મેલાવિયે રે... મારે આજની

હાજી રે તન, મન, ધન, ઓવારિયે,

મારા વાલાજીની આરતી ઉતારીએ રે... મારે આજની

જીરે રસ વઘ્યો છે અતિ મીઠડો,

મેં તો નરસિંહનો સ્વામી દીઠડો રે... મારે આજની

શ્રી મેવાસા પ્રાથમિક શાળા, તાલુકો : દ્વારકા, જિલ્લો : જામનગર

WWW.SARVATRAGNANM.BLOGSPOT.IN